dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 27 | AD - 2025, Kartak Sud -09 | Friday, Dt.31-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિમાં સહભાગી થવા માટે

# પ્રધાનમંત્રી મોદીનું ગુજરાતમાં આગમન : રોડ માર્ગે કેવડિયા પહોંચ્યા




વડોદરા,તા.૩૦ દર વર્ષે ૩૧ ઓક્ટોબરે સરદાર પટેલની જન્મજયંતિની ઉજવણી ગુજરાતમાં યોજાય છે. આ વર્ષે પણ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહભાગી થવા વડોદરા પહોંચ્યા હતા. વરસાદી વાતાવરણ વચ્ચે વડાપ્રધાન રોડ માર્ગે કેવડિયા પહોંચ્યા હતા. અહીં નવી ૨૫ ઈ-બસનું લોકાર્પણ કર્યા બાદ મોદી નર્મદા ડેમ વ્યુ પોઈન્ટ નં- ૧ આવ્યા હતા. અહીં તેઓ કરોડોના ખર્ચે વિવિધ પ્રોજેક્ટના ભૂમિપૂજન અને લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. સાંજે પીએમ નરેન્દ્ર મોદીએ કલ્ચર પ્રોગ્રામ નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના વિદ્યાર્થીઓ દ્વારા 'લોહપુરુષ' નાટક નિહાળ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવા પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાતમાં બહુઆયામી વિકાસને
વેગ આપતું આગવું કદમ

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ
સીએમ ફેલોશીપ





શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાત સરકાર યુવા પ્રતિભાઓને આવકારે છે

રાજ્ય વહીવટી તંત્રને તેજસ્વી યુવાઓના નવીન
વિચારોની ઊર્જાથી મળશે વેગ

પ્રોજેક્ટ
- સીએમ ફેલો નવીન વિચારો અને આગવા કૌશલ્યથી પ્રોજેક્ટમાં પોતાનું યોગદાન આપશે

તાલીમ
- સીએમ ફેલોને ગુજરાત સરકાર અને IIM-Ahmedabad દ્વારા મળશે બે સપ્તાહની તાલીમ
- રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં બે સપ્તાહની તાલીમ

ઉમેદવારોની પસંદગી
- ૬૦% કે તેથી વધુ પરિણામ સાથે સ્નાતક થયેલા, ૩૫ વર્ષથી ઓછી વયના તેમજ ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારોને તક
- સિલેક્શન કમિટી કરશે સીએમ ફેલોની પસંદગી
- કમિટીના એક્સપર્ટ પેનલિસ્ટ તરીકે હશે IIM-Ahmedabadના નિષ્ણાત

મુખ્ય વિશેષતાઓ
- માસિક ₹૧ લાખ સ્ટાઈપેન્ડ
- ફેલોશીપની અવધિ ૧ વર્ષની રહેશે (મૂલ્યાંકન તથા પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ સુધીની અવધિ વધારી શકાશે)
- ફેલોશીપની સફળ પૂર્ણાહુતિ બાદ ગુજરાત સરકાર અને IIM-Ahmedabadનું સંયુક્ત સર્ટિફિકેટ

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ પ્રોગ્રામમાં
જોડાઈએ અને સક્રિય પ્રદાન સાથે ગુજરાતના વિકાસના ભાગીદાર બનીએ

અરજી કરવાનો સમયગાળો
તારીખઃ ૧ નવેમ્બર, ૨૦૨૫ થી
૧૫ ડિસેમ્બર, ૨૦૨૫, રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી

ઓનલાઇન અરજી કરવા માટે
https://spipa.gujarat.gov.in


હર ઘર સ્વદેશી,
ઘર-ઘર સ્વદેશી

ગુજરાત સરકારનો યુવાઓને આવકાર,
કરો વિકાસના સપનાં સાકાર

અખંડ ભારતના નિર્માતા સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ એટલે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



અખંડ ભારતના શિલ્પી
સરદાર સાહેબના ચરણોમાં શત શત નમન...



શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
(લોહ પુરુષ-અખંડ ભારતના શિલ્પી)

એકતાનું પ્રતિક લોખંડી પુરુષ
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી
જન્મ જયંતી નિમીત્તે ખૂબ ખૂબ શુભકામનાઓ...

:: શુભેચ્છક ::
પ્રમુખશ્રી
શ્રી ડી. કે. રૈયાણી - પ્રમુખશ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, અમરેલી

કોર કમિટી મેમ્બર
શ્રી કાળુભાઈ ભંડેરી
શ્રી કાંતિભાઈ વઘાસીયા
શ્રી રાજુભાઈ માંગરોળીયા
શ્રી દકુભાઈ ભુવા
શ્રી હિમાંશુભાઈ ધાનાણી

ઉપપ્રમુખ
શ્રી દિનેશભાઈ બાંભરોલીયા
શ્રી લાલજીભાઈ દેસાઈ
ડો. ચંદ્રેશભાઈ ખૂટ
શ્રી નરેશભાઈ સાકરીયા
શ્રી કાળુભાઈ કાછડીયા
શ્રી હરેશભાઈ ધડુક
શ્રી નિલેશભાઈ દેસાઈ

મંત્રી શ્રી
શ્રી જે. ડી. સાવલિયા
શ્રી ભરતભાઈ બાવીસી

સહમંત્રી
શ્રી રાજુભાઈ ઝાલાવાડીયા
શ્રી સંજયભાઈ રામાણી
ડો. નરેન્દ્ર ભાઈ સોજીત્રા
શ્રી વરૂણભાઈ પટેલ
શ્રી વર્ષિલભાઈ મોવલીયા
શ્રી ધવલભાઈ કાબરીયા

ખજાનચી
શ્રી ભીખુભાઈ કાબરીયા

સહ ખજાનચી
શ્રી ગોપાલભાઈ કચ્છી
શ્રી ભરતભાઈ કાબરીયા
શ્રી વર્ષિલભાઈ સાવલિયા
શ્રી જયસુખભાઈ સોરઠીયા
શ્રી જગદીશભાઈ તળાવીયા
શ્રી પરેશભાઈ પોકળ
શ્રી પંકજભાઈ ધાનાણી

લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સલાહકાર કમિટી, વેવિશાળ ટીમ
તથા તમામ સભ્યશ્રીઓના સરદાર સાહેબને કોટી કોટી વંદન...



Sheetal ICE CREAM

WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND

- માઈક્રો બાયોલોજીસ્ટ - 4
- ડેરી ટેકનોલોજીસ્ટ - 4
- ફૂડ ટેકનોલોજીસ્ટ - 5
- કેમિસ્ટ - 3
- એચ.આર એક્ઝિક્યુટિવ - 2
- રીપોર્ટીંગ મેનેજર - 2
- ટ્રેનર - 1

ઉપરોક્ત આપેલ જગ્યા માટે સોમવાર/ગુરુવાર
સવારે 8 થી 12 અને સાંજે 4 થી 6 વાગે
તમારું CV આપેલ નંબર પર પહેલા વોટ્સએપ કરવું અને
ત્યારબાદ CV અને ઓરીજનલ ડોક્યુમેન્ટ સાથે રૂબરૂ મળવું.



Location :
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. ૭૫ થી ૮૧, જી.આઈ.ડી.સી. એસ્ટેટ,
અમરેલી-૩૬૫૬૦૧, ગુજરાત.
scplhr1994@gmail.com
+91 92744 11751

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા. ૩૧-૧૦-૨૦૨૫

## પાંચ દિવસમાં ૨૨૭૩૨ મુસાફરોએ મુસાફરી કરી

# અમરેલી એસ.ટી.ડિવિઝનને દિવાળી ફળી : પાંચ દિવસમાં ૩૮.૮૪ લાખની આવક

**મુસાફરોને યોગ્ય સ્થળે પહોંચાડવા માટે એસ.ટી.એ ૪૫૨ એક્સ્ટ્રા ટ્રીપ દોડાવી**

અમરેલી,તા.૩૦

અમરેલી એસ.ટી.ડિવિઝનને દિવાળીનો તહેવાર ફળ્યો છે. દિવાળીના પાંચ દિવસમાં ૩૮.૮૪ લાખની આવક કરી છે. તેમજ લાંબા અને ટૂંકા અંતરની ૪૫૨ એક્સ્ટ્રા ટ્રીપ દોડાવી હતી. પાંચ દિવસ દરમિયાન ૨૨૭૩૨ મુસાફરોએ મુસાફરી કરી છે. દિવાળીના તહેવારને લઈને ઠેર ઠેર ધાર્મિક સ્થળો અને પર્યટન સ્થળો પર લોકોની ભીડ જામી હતી. જેના કારણે એસ.ટી.ની આવકમાં વધારો થયો છે. અમરેલી એસ.ટી.ડિવિઝનના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ દિવાળીના પર્વમાં સાત ડેપોમાં ટ્રાફિક વધ્યો હતો.

જેના કારણે જુદા જુદા ડેપોમાંથી પાંચ દિવસ સુધી સુરત, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, ગોધરા, રાજકોટ, ભાવનગર અને જૂનાગઢ તરફ ૪૫૨ એક્સ્ટ્રા ટ્રીપ દોડાવી હતી. અમરેલી એસ.ટી.ડિવિઝનમાં દિવાળીના પર્વ ૧ ૧ ૨ પાંચ દિવસમાં ૨૨૭૩૨ લાખ મુસાફરોએ મુસાફરી કરી છે. અહીં એસ.ટી.ને ૩૮.૮૪ લાખની આવક નોંધાઈ છે. દિવાળીના પર્વ પર શ્રમિકો તેમજ વતનમાં જવા માંગતા લોકોનો ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો. જેમાં સુરત, અમદાવાદથી અનેક મુસાફરો વતન આવ્યા હતા. દિવાળીનું પર્વ આવતા જ ખાનગી બસચાલકોએ મુસાફરોને લૂંટવાનું શરૂ કર્યુ હતું. જેમાં સુરત, અમદાવાદ, ફતેપુરા જવા માટે ભાડામાં તોતીંગ વધારો કરવામાં આવ્યો હતો. આ તોંતીંગ ભાવવધારા સામે એસ.ટી.એ સામાન્ય ભાડામાં જ મુસાફરોને યોગ્ય સ્થળે પહોંચાડ્યા હતા.

| ડેપો | એક્સ્ટ્રા ટ્રીપ | આવક | મુસાફરની સંખ્યા |
|---|---|---|---|
| અમરેલી | ૬૦ | ૬૦૬૮૪૫ | ૧૯૭૩ |
| સા.કુંડલા | ૬૪ | ૩૫૯૦૫૫ | ૨૩૮૧ |
| બગસરા | ૧૦૪ | ૧૧૯૨૫૯૧ | ૪૯૬૮ |
| રાજુલા | ૧૮ | ૨૪૭૮૮૦ | ૮૭૦ |
| ધારી | ૧૩૪ | ૯૮૧૦૩૬ | ૯૬૩૯ |
| ઉના | ૨૬ | ૨૩૬૭૮૦ | ૯૩૯ |
| કોડીનાર | ૪૬ | ૨૬૦૩૦૫ | ૧૯૬૨ |

# અમરેલી જિલ્લામાં માવઠાથી ખેતીને થયેલા નુકસાનનો સર્વે કરી સહાય ચૂકવવા રજૂઆત

અમરેલી,તા.૩૦



અમરેલી જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને અમરેલી જિલ્લામાં માવઠાથી ખેતીને થયેલા નુકસાનનો સર્વે કરી સહાય ચુકવવા રજૂઆત કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, જિલ્લાના મોટાભાગના ગામડાઓમાં માવઠાથી કપાસ, મગફળી, તુવેર, ડુંગળી, સોયાબીન, તલ, મગ, અડદ સહિતના કઠોળ વગેરે પાકો ઉપરાંત બાગાયતી પાકોને પણ ભારે નુકસાન થયેલ છે. જેથી ખેડૂતોને સરકાર તરફથી સહાય મળી રહે તે માટે જિલ્લામાં તાત્કાલિક સર્વે કરાવી સહાય પેકેજ જાહેર કરવા માગણી છે. આ ઉપરાંત માલધારીઓને પણ માલઢોરનો ઘાસચારો/નિરણ પણ બચેલ ન હોવાથી સર્વે કરી તેમને પણ સહાય ચુકવવી જોઈએ. તેમણે આ પત્રની નકલ કૃષિ મંત્રી, કૌશિકભાઈ વેકરીયા ઊર્જા મંત્રી, જે.વી. કાકડીયા, ધારાસભ્ય ધારી-બગસરા અને જિલ્લા કલેકટરને મોકલી છે.

## અમર ડેરીના ચેરમેનને વધુ એક જવાબદારી સોંપવામાં આવી

# ક્રિષક ભારતી કો-ઓપરેટીવ સંસ્થામાં અશ્વિન સાવલીયાની ડેલીગેટ તરીકે વરણી

**રાષ્ટ્રીય સંસ્થામાં બિનહરીફ નિમણૂંક થવા બદલ અશ્વિન સાવલીયા પર શુભેચ્છાઓનો ધોધ**

અમરેલી,તા.૩૦

અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાને વધુ એક જવાબદારી સોંપવામાં આવી છે. રાષ્ટ્રીય સંસ્થા ક્રિભકોમાં ડેલીગેટ તરીકે અશ્વિનભાઈ સાવલીયા જવાબદારી સંભાળશે. સહકારી જગતની સંસ્થા એટલે કે ક્રિભકો(ક્રિષક ભારતી કો-ઓપેરટિવ)માં અમર ડેરીના



ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાની ડેલીગેટ તરીકે પસંદગી કરવામાં આવી છે. વિવિધ સહકારી, સમાજિક સંસ્થાઓમાં મહત્વની જવાબદારી નિભાવનાર અશ્વિનભાઈ સાવલીયાની ક્રિભકોમાં ડેલીગેટ તરીકે વરણી થતા તેમના પર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

# સરદાર પટેલના ૧૫૦મા જન્મદિને અમરેલી જિલ્લાના કર્મચારીઓએ શપથગ્રહણ કર્યા

અમરેલી,તા.૩૦

સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ ૩૧ ઓક્ટોબરની દેશભરમાં ઉત્સાહપૂર્વક "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ પર્વની ઉજવણીના ભાગરૂપે રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ" લેવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અધિકારીઓ અને કર્મયોગીઓએ શપથ



ગ્રહણ કર્યા હતા. જિલ્લાની વિવિધ જિલ્લા મથકની અને તાલુકા મથકની કચેરીઓમાં પણ સંલગ્ન અધિકારીઓ અને કર્મયોગીઓએ શપથ ગ્રહણ કરી દેશની એકતા, અખંડિતા, સુરક્ષા જાળવી રાખવા માટે સમર્પિત થવાનો સંકલ્પ લીધો હતો.

# આવતીકાલે અમરેલીમાં યોગ સંવાદ કાર્યક્રમનું આયોજન

અમરેલી,તા.૩૦

ગુજરાત રાજ્ય યોગબોર્ડ દ્વારા અમરેલી શહેરમાં આગામી તા.૦૧/૧૧/૨૫ના રોજ એક યોગ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજી દ્વારા વર્ચ્યુઅલ માર્ગદર્શન આપવામાં આવશે. એક નવી પહેલ અંતર્ગત આ નિઃશુલ્ક કાર્યક્રમ દ્વારા નગરજનોને સ્વસ્થ અને મેદસ્વિતા મુક્ત જીવન જીવવા માટે નવી દિશા દર્શાવવામાં આવશે. આ કાર્યક્રમ શહેરના બી.એ.પી.એસ હોલ, પ્રમુખ વાટિકા, પોલીસ પરેડ ગ્રાઉન્ડની બાજુમાં, અમરેલી ખાતે બપોરે ૩ થી ૬ કલાકે યોજાશે. કાર્યક્રમમાં સ્થળ પર તેમજ અગાઉથી રજિસ્ટ્રેશન કરાવી શકાશે.

# રાજુલા પંથકમાં ફરી જોરદાર વરસાદ : સવા ઈંચ ખાબક્યો

**સતત વરસી રહેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતો ખેતરમાં જઈ શકતા નથી**

અમરેલી,તા.૩૦

ચક્રાવાત મોન્થા નબળુ પડ્યા બાદ હવે ડીપ્રેશનમાં ફેરવાયુ છે. જેથી સૌરાષ્ટ્રમાં હજુ બે દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહી મુજબ અમરેલી જિલ્લામાં પણ સતત ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. રાજુલા પંથકમાં ફરી વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. આકાશમાં ગાજવીજ થતાં ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. અન્ય તાલુકાઓમાં હળવા ઝાપટા પડ્યા હતા. અન્યત્ર વરસાદે વિરામ લીધો હતો. અમરેલીમાં દિવસભર વાદળછાયું વાતાવરણ અને ઠંડો પવન રહ્યો હતો. હવામાન વિભાગ દ્વારા શુક્રવાર સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે.

# શાંતાબા જનરલ હોસ્પિટલમાં આરોગ્યસેવામાં વસંતભાઈ ગજેરાના માર્ગદર્શનમાં નોંધપાત્ર વિકાસ

અમરેલી,તા.૩૦

અમરેલીમાં શાંતાબેન હરીભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શાંતાબા જનરલ હોસ્પિટલ, જે પહેલા અમરેલી સિવિલ હોસ્પિટલ તરીકે ઓળખાતી હતી, તે હાલમાં ગજેરા ટ્રસ્ટના ચેરમેન વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ સતત ઉત્કૃષ્ટતા તરફ આગળ વધી રહી છે. આ હોસ્પિટલમાં આધુનિક આરોગ્ય સુવિધાઓનો નોંધપાત્ર વધારો થયો છે. વિવિધ વિભાગોમાં નિષ્ણાંત તબીબો, આધુનિક મશીનો, મોડ્યુલર ઓપરેશન થિયેટર, ICU, NICU, PICU, સીટી સ્કેન અને એમ.આર.આઈ. જેવી સુવિધાઓ શરૂ થવાથી અમરેલી જિલ્લાની જનતાને ઉચ્ચ ગુણવત્તાવાળી આરોગ્યસેવા સ્થાનિક સ્તરે જ ઉપલબ્ધ થઈ રહી છે. આ સુવિધાઓના કારણે દર્દીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જિલ્લામાં તથા આસપાસના તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે હોસ્પિટલનો લાભ લઈ રહ્યા છે.

ગજેરા ટ્રસ્ટનું મુખ્ય ધ્યેય "જરૂરિયાતમંદ અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક અને ગુણવત્તાપૂર્ણ સારવાર પૂરી પાડવી" છે. આ મિશન અંતર્ગત હોસ્પિટલ દ્વારા દરેક દર્દીને યોગ્ય તબીબી તપાસ, દવાઓ, ટેસ્ટ, એક્સ-રે અને સોનોગ્રાફી



જેવી સુવિધાની સાથે સાથે સર્જરીની સુવિધા વિનામૂલ્યે આપવામાં આવે છે. જયારે સીટી સ્કેન, એમ.આર.આઈ. તથા ICU સારવાર સરકાર દ્વારા માન્ય સામાન્ય દરે આપવામાં આવે છે. હોસ્પિટલમાં આયુષ્માન ભારત યોજના પણ ઉપલબ્ધ હોવાથી જરૂરિયાતમંદ દર્દીઓ તમામ પ્રકારની સારવાર વિનામૂલ્યે મેળવી શકે છે.

શાંતાબા મેડિકલ કોલેજના એડમીન ભરતભાઈ ધડુકે જણાવ્યા મુજબ, ગત વર્ષે હોસ્પિટલમાં વિનામૂલ્યે ૪,૭૮,૬૪૮ જેટલા દર્દીઓએ ઓ.પી.ડી. સારવાર મેળવી હતી તથા ૪૦,૨૪૬ દર્દીઓએ દાખલ થઈને સારવાર મેળવેલ હતી જેમાં તેમની સારવારના ભાગ રૂપે હોસ્પિટલમાં ૧૦,૦૦,૦૦૦ જેટલા લેબ રિપોર્ટ, ૨૨,૭૫૮ જેટલી સોનોગ્રાફી તપાસ, ૯૭,૭૪૦ જેટલા એક્સ-રે તપાસ વિનામૂલ્યે કરવામાં આવેલ હતી. હોસ્પિટલમાં ૩૫૮૧ ડીલીવરી થઈ હતી જેમાં ૩૬૨૦ બાળકોનો જન્મ થયેલ હતો. આ ઉપરાંત હોસ્પિટલમાં કાર્યરત વિવિધ સર્જીકલ વિભાગ દ્વારા ટોટલ ૧૫૦૦૦ જેટલા માઈનોર અને મેજર ઓપરેશન કરવામાં આવેલ હતા. આ ઉપરાંત ગત એક વર્ષમાં ૫૭૧૫ જેટલા દર્દીઓએ રાહતદરે સીટી સ્કેન અને ૩૫૭૧ જેટલા દર્દીઓએ રાહતદરે એમ.આર.આઈ. ની સુવિધાનો લાભ મેળવેલ હતો તથા હોસ્પિટલ દ્વારા કાર્યરત બ્લડબેંક દ્વારા ૭૨૮૫ યુનિટ બ્લડ સારવાર માટે પૂરું પાડવામાં આવ્યું હતું.









### રાજુલાના ધારેશ્વર ગામ પાસે ધાતરવડી નદીમાં ન્હાવા પડેલા યુવકો ડૂબ્યા હતા

# ૪૦ કલાકની શોધખોળ બાદ તમામ યુવકોના મૃતદેહ મળ્યા

**મૃતકોમાં ત્રણ સગાભાઈઓ હોવાથી પરિવાર પર આભ તૂટી પડ્યું**

અમરેલી,તા.૩૦

રાજુલા તાલુકાના ધારેશ્વર ગામ પાસે ધાતરવડી નદીમાં મંગળવારે સાડા ત્રણ વાગ્યાના અરસામાં એક ગમખ્વાર ઘટના બની હતી, જેમાં ત્રણ સગાભાઈ સહિત ચાર યુવાનો ડૂબી ગયા હતા. ભારે વરસાદના પગલે નદીમાં આવેલા પૂર અને ધસમસતા પ્રવાહ વચ્ચે પાણીમાં વમળ સર્જાતા આ યુવાનો નદીના વહેણમાંથી બહાર નીકળી શક્યા નહોતા.

યુવકો ડૂબ્યાની જાણ થતાં જ ગ્રામજનો, ફાયર ટીમ, પોલીસ કાફલો, મામલતદાર અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિત વહીવટી તંત્ર ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મોડી રાત સુધી શોધખોળ હાથ ધરી હતી, પરંતુ કોઈ યુવકનો પત્તો લાગ્યો નહોતો. જો કે, બુધવારે વહેલી સવારે ફરીથી શોધખોળ શરૂ કરાતા, ઘટનાના આશરે ૧૫ કલાકે એક યુવક મેરામ ખીમાભાઈ પરમારનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારબાદ બપોર બાદ પીન્ટુભાઈ વાઘેલાની લાશ પણ



મળી હતી. ગુરુવારે વહેલી સવારે લગભગ ૪૦ કલાકની શોધખોળ બાદ બાકીના બે સગાભાઈઓ, કાના ખીમાભાઈ પરમાર અને ભરત ખીમાભાઈ પરમારના મૃતદેહ પણ મળી આવતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતકોમાં ત્રણ સગા ભાઈઓ હોવાથી તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

**કાના ખીમાભાઈ પરમારનો મૃતદેહ માંડરડી ગામ નજીકથી મળ્યો**

ધારેશ્વર ગામ પાસે ધાતરવડી નદીમાં ચાર યુવાનો ડૂબી જતાં ભારે શોધખોળને અંતે ચારેય યુવાનોના મૃતદેહ મળ્યા હતા. કોઈ મૃતદેહ જાપાદર ગામ પાસેથી મળ્યો તો ગુરૂવારે સવારે કાના ખીમાભાઈ પરમારનો મૃતદેહ માંડરડી ગામ નજીકથી મળ્યો હતો. તમામ મૃતકોની લાશનું પોસ્ટમાર્ટમ કર્યા બાદ પરિવારને સોંપવામાં આવ્યા હતા. ત્રણ સગાભાઈઓના મોતથી તેના પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો હતો.

---

### બગસરા ડેપો પાસે ડ્રાઈવરો ન હોવાથી બસ શરૂ થતી નથી

# ભુજથી બગસરા એસ.ટી. બસ શરૂ કરવા વાહનવ્યહાર મંત્રીને રજૂઆત

બગસરા,તા.૩૦

અમરેલી એસ.ટી.ના અધિકારીઓને અનેકવાર બગસરાથી ભુજ બસ શરૂ કરવા માટે પેસેન્જર એસો., ચેમ્બર ઓફ કોમર્સ સહિતની સંસ્થાઓએ રજૂઆત કરી છે. જો કે બગસરાને નવી બસ આપવાને બદલે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ધારી-નાથદ્વારા, ધારી-ભુજ બસ શરૂ થાય તેવા પ્રયત્નો કરતા બગસરા પંથકના મુસાફરોમાં રોષ ફાટી નીકળ્યો છે તો બગસરા ડેપો પાસે ડ્રાઈવરોની ઘટ હોવાથી નવા રૂટ શરૂ થઈ શકતા નથી જેથી આ બાબતે આપ આગેવાન કાંતિભાઈ સતાસીયાએ ભુજ ડિવિઝનની ભુજ-બગસરા બસ શરૂ કરવા માટે વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીને પત્ર પાઠવ્યો છે. કાંતિભાઈ સતાસીયાએ જણાવ્યું છે કે જો ભુજ-બગસરા બસ શરૂ થાય તો બગસરાથી સીધી મોરબી, અંજાર જવાની સુવિધા મળશે. રાત્રિના ૮ કલાકે બગસરાથી આ બસ ઉપડે તો રાજકોટ જવા માટેની છેલ્લી બસનો લાભ પણ મળી શકે તેમ છે અને વહેલી સવારે ભુજ પહોંચ્યા બાદ મુસાફરો માતાના મઢ, કોટેશ્વર દર્શન કરી ફરી રાત્રિના સમયે બસમાં બેસી બગસરા પરત આવી શકે તે માટે ભુજ-બગસરા બસ શરૂ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.

---

### રાજ્યમંત્રી કૌશિક વેકરીયા અને આધ્યાત્મસ્વરૂપ સ્વામીના હસ્તે

# આજે અમરેલીમાં સરદાર સર્કલના નવીનીકરણના કામનું લોકાર્પણ

અમરેલી,તા.૩૦

અમરેલી ખાતે આવેલા સરદાર સર્કલના નવીનીકરણ કામનું આજે લોકાર્પણ કરવામાં આવશે. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર દ્વારા અમરેલી શહેરની આગવી ઓળખ સમાન નવનિર્મિત સરદાર સર્કલના નવીનીકરણ કામનું લોકાર્પણ તથા સેન્ટર પોઈન્ટથી સ્વામિનારાયણ મંદિર સુધી પ્રમુખ સ્વામી મહારાજ માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. તા.૩૧ ઓકટોબરને શુક્રવારના રોજ સવારના ૮:૩૦ કલાકે સરદાર સર્કલ ચિત્તલ રોડ ખાતે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને ગઢડા સ્વામિનારાયપણ મંદિરના કોઠારી આધ્યાત્મસ્વરૂપ સ્વામીના હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત થશે. આ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પાલિકા પ્રમુખ બીપીન લીંબાણી, શહેર ભાજપ પ્રમુખ વિજય ચોટલીયા, ચીફ ઓફિસર સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહેશે.

**સેન્ટર પોઈન્ટથી સ્વામિનારાયણ મંદિર સુધી પ્રમુખ સ્વામી મહારાજ માર્ગનું ખાતમુહૂર્ત**

---

# સાવરકુંડલા તાલુકાના ભમ્મર ગામે મકાનની દિવાલ ધરાશાયી થઈ

**કોઈ જાનહાનિ ન થતા પરિવારે રાહતનો શ્વાસ લીધો**

અમરેલી,તા.૩૦



સાવરકુંડલા તાલુકાના ભમ્મર ગામે સતત ત્રણ દિવસના વરસાદથી તીરથગીરી ઈશ્વરગીરી ગોસાઈના રહેણાંકની દિવાલ અને નળીયાવાળી છત ધરાશાયી થઈ હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. બુધવારે સાડા નવ કલાકે બનેલી આ ઘટના બાદ આસપાસના રહીશો દોડી આવ્યા હતા. વરસાદને કારણે ગોસાઈ પરિવારે રાત બહાર વિતાવવી પડી હતી. સતત વરસતા વરસાદને કારણે કાચા મકાનો ધરાવતા રહીશોના જીવ પડીકે બંધાયા છે. દિવાલ ધરાશાયી થતા કોઈ જાનહાનિ ન થતા પરિવારે પણ રાહતનો શ્વાસ લીધો છે.

---

### બાબરા તાલુકામાં થયેલ કમોસમી વરસાદને કારણે ખેતીપાકને નુકસાન

# રાજ્ય સરકાર તાત્કાલિક વળતર આપે તેવી બાબરા કિસાન સંઘની માંગ

બાબરા,તા.૩૦

બાબરા તાલુકા સહિત સમગ્ર વિસ્તારમાં કમોસમી વરસાદને કારણે કપાસ, મગફળી, બાજરી, તુવેર, ડુંગળી સહિતના પાકોને ભારે નુકસાન થયું છે. ખેડૂતોનો તૈયાર થયેલો પાક અને પશુચારો સંપૂર્ણપણે નાશ પામ્યો છે, જેનાથી કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. હવામાન વિભાગની વધુ વરસાદની આગાહીએ ખેડૂતોની ચિંતા વધારી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, બાબરા તાલુકા કિસાન સંઘ દ્વારા મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને ૧૦૦% પાક નુકસાન વળતર આપવા અને પાક ધીરાણ સંપૂર્ણ માફ કરવા રજૂઆત કરવામાં આવી છે. કિસાન સંઘના નેતા ભાનુભાઈ એમ. પાનશેરિયાએ સરકાર તાત્કાલિક સર્વે કરીને સહાય પેકેજ જાહેર કરે તેવી માંગ કરી છે. હાલ તો અમરેલી જિલ્લામાં છેલ્લાં પાંચ દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે ખેડૂતોને ભારે નુકસાનીનો સામનો કરવો પડ્યો છે ત્યારે ખેડૂતોની મુશ્કેલીને ધ્યાને લઈ સરકાર દ્વારા વળતર આપવામાં આવે તેવી બાબરા તાલુકા કિસાન સંઘ દ્વારા માંગ કરવામાં આવી છે.



તસવીર : દિપક કનૈયા

**મગફળી અને કપાસનો પાક સંપૂર્ણ નાશ પામ્યો, હજુ વરસાદની આગાહીને લઈ ખેડૂતો ચિંતિંત**

---

## લાઠીના નાના રાજકોટની પરિણીતા દવા લેવાનું કહીને નીકળ્યા બાદ લાપતા બની

લાઠી, તા.૩૦

મૂળ સુરત અને હાલ લાઠીના નાના રાજકોટ ગામે રહેતી એક પરિણીતા ઘરેથી લાઠી દવાખાને દવા લેવા જવાનું કહીને નીકળ્યા બાદ પરત ફરી નહોતી. આ અંગે વિજયભાઈ ગોપાલભાઈ નાવડીયા (ઉ.વ.૩૬)એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની ચકુબેન ચાર દિવસ પહેલા સાંજે ઘરેથી લાઠી દવાખાને દવા લેવા જવાનું કહી નીકળ્યા બાદ ગુમ થઈ હતી.

## જાફરાબાદ જુના પુલ પાસેથી બે લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં અવાર નવાર દેશી દારૂની હેરાફેરીની ઘટના બનતી હોય છે. ત્યારે જાફરાબાદમાં જુના પુલ પાસેથી બે લીટર દેશી દારૂ મળ્યો હતો. મેકડા, પીપાવાવ, મોટી કુંકાવાવ, સાવરકુંડલા, અમરેલી, જાફરાબાદ, નવા પીપરીયામાંથી વિના પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઈસમો ઝડપાયા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.વિનોદભાઈ કરશનભાઈ મકવાણા (ઉ.વ.૬૯)નું તા. ૨૭/૧૦/૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે દુર્લભજીભાઈ મકવાણા, પોપટભાઈ મકવાણા, મનસુખભાઈ મકવાણાના ભાઈ તથા મુકેશભાઈ મકવાણા, શૈલેષભાઈ મકવાણાના પિતા થાય છે. તેમનું સદગતનું બેસણુ તા.૩૧/૧૦/૨૫ને શુક્રવારના રોજ બપોરે ૪ થી ૬ કલાકે ગુર્જર સુથાર જ્ઞાતિની વાડી અમરેલી રોડ કાનજીબાપુની જગ્યા પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.મુકેશભાઈ નારણબાપુ ભાલિયા (ઉ.વ.૫૯)નું તા. ૨૭/૧૦/૨૦૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ઘનશ્યામભાઈ ભાલિયા, રાજેશભાઈ ભાલિયાના પિતા થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૩૧/૧૦/૨૦૨૫ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે કાનજીબાપુ ઉપવન વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# લાઠીમાં પ્રેમસંબંધ મામલે બબાલ: પિતા-પુત્ર સહિત ચાર પર હુમલો

લાઠી, તા.૩૦

લાઠી ખાતે એક યુવકને યુવતી સાથે પ્રેમસંબંધ હોવાના મનદુઃખમાં, યુવતીના પરિવારજનો સહિતના આરોપીઓએ એકસંપ કરીને ફરિયાદી અને સાક્ષીઓ પર ઘાતક હુમલો કર્યાની ઘટના સામે આવી હતી. આ હુમલામાં ફરિયાદીને છરીનો ઘા વાગતા ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ સંદર્ભે લાલજીભાઈ ગોવિંદભાઈ સરવૈયા (ઉ.વ.૪૨)એ રાજુભાઈ ઠાકરશીભાઈ ધરજીયા, રાકેશભાઈ ઠાકરશીભાઈ ધરજીયા, અરવિંદભાઈ ઠાકરશીભાઈ ધરજીયા, જયભાઈ અરવિંદભાઈ ધરજીયા, મલો રાકેશભાઈ ધરજીયા, જલો રાજુભાઈ ધરજીયા તથા રાહુલ રાજુભાઈ ધરજીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ સાહેદ કેવલને અરવિંદભાઈ ધરજીયાની દીકરી સાથે પ્રેમસંબંધ હતો. આ સંબંધ આરોપીઓના પરિવારને સ્વીકાર્ય ન હોવાથી, તેમણે યુવકના પરિવારજનો પર હુમલો કરવાનું કાવતરું રચ્યું હતું. બનાવના દિવસે, ફરિયાદી અને સાક્ષીઓ પોતાના ઘરની બહાર બજારમાં ઊભા હતા. તે સમયે તમામ આરોપીઓ એકઠા થઈને ગેરકાયદેસર મંડળી રચીને ત્યાં આવ્યા હતા. ત્યારબાદ ધમકી આપ્યા બાદ તમામ આરોપીઓએ ધોકા, લાકડી તેમજ છરી જેવા અલગ-અલગ હથિયારો ધારણ કરીને હુમલો કર્યો હતો. અરવિંદભાઈ ધરજીયાએ સાહેદ પ્રભાબેનને લાફો મારીને મોઢા પર ઉઝરડા કર્યા હતા. જેના કારણે તેમને ત્રણ ટાંકા લેવા પડે તેવી ગંભીર ઈજા થઈ હતી. હુમલા દરમિયાન તમામ આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ. સોની વધુ તપાસ કરી રહ્યા છે.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

## વંડામાં આખ્યાન જોવા ગયેલા પુરુષનું બાઈક ચોરાયું

વંડા, તા.૩૦

સાવરકુંડલાના વંડા ગામમાં રહેતા એક પુરુષ આખ્યાન જોવા ગયા હતા. જ્યાંથી તેનું બાઈક અજાણ્યો ઈસમ ચોરી ગયો હતો. આ અંગે હિંમતભાઈ ભીમજીભાઈ ગોહિલ (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેઓ તેમનું મોટરસાયકલ લઈને તેમના ભાઈના ઘરે આખ્યાન જોવા ગયા હતા. જ્યાં જાહેર રસ્તા પર પાર્ક કર્યું હતું. આ દરમિયાન અજાણ્યો ઈસમ તેની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૭૩/૨૦૨૫

અરજદાર :- શ્રી રાઠોડ કાળુભાઈ વાધાભાઈ
રહે. પાણીયા, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.પાણીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પાણીયા ગામમાં અરજદારશ્રી રાઠોડ કાળુભાઈ વાધાભાઈ તેઓના પુત્ર રાઠોડ કિશનભાઈ કાળુભાઈ ની જન્મ (તા.૨૫/૦૧/૨૦૦૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**કાયદા અને ન્યાયમંત્રી કૌશિક વેકરીયાએ ઉચ્ચ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી**

# ચેરિટી કમિશ્નર કચેરીનું કામકાજ ઓનલાઈન કરવા સૂચના



અમરેલી,તા.૩૦

કાયદો અને ન્યાય વિભાગના રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, જેમાં ચેરિટી કમિશ્નર કચેરીના વહીવટ અને સશક્તિકરણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. વહીવટમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે, રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ચેરિટી કમિશ્નર કચેરીનું કામકાજ ફરજિયાત ઓનલાઈન કરવા સ્પષ્ટ સૂચના આપી હતી. જેના તાત્કાલિક અમલ માટે ૩૫ વધારાના કોમ્પ્યુટર ફાળવવાની સૂચના આપી હતી. કચેરીની કાર્યક્ષમતા વધારવા માટે, રાજ્યમંત્રી વેકરીયાએ મહેકમમાં ધરખમ વધારો કરવાના આદેશ આપ્યા છે. તેમણે હયાત હિસાબનીશ/નિરીક્ષકનું ૩૮નું મંજૂર મહેકમ ત્રણ ગણું કરવા અને નાયબ ચેરિટી કમિશ્નરનું ૮નું મહેકમ વધારીને ૧૨ કરવા માટે આગામી બજેટમાં જોગવાઈ કરવા સૂચના આપી છે. તપાસના કામ માટે વાહનની જોગવાઈ કરવા અને સંયુક્ત કમિશ્નરની લાયકાત માટે નાયબ ચેરિટી કમિશનર તરીકેના ૧૦ વર્ષના અનુભવને સળંગ ગણવા બાબતે પણ મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયો કચેરીના વહીવટી માળખાને મજબૂત કરી તેના આધુનિકીકરણમાં પરિવર્તન લાવશે.

**હિસાબનીશ/નિરીક્ષકનું ૩૮નું મંજૂર મહેકમ ત્રણ ગણું કરવામાં આવશે**

# સમસ્ત લેઉવા પટેલ સમાજ લાઠી દ્વારા ૧૨મા સમૂહલગ્નનું આયોજન કરાયું

**સમૂહલગ્નમાં ૨૪ યુગલો પ્રભુતામાં પગલા પાડી પોતાના દાંપત્યજીવનની શરૂઆત કરશે**

અમરેલી,તા.૩૦

ખોડલધામ પ્રેરીત સમસ્ત લેઉવા પટેલ સમાજ અને શુભમ્ ચેરીટેબલ ટ્રસ્ટ લાઠી અને ખોડલધામ મહિલા સમિતિ લાઠી દ્વારા તા.૦૩ને સોમવારનાં રોજ ૧૨મા સમૂહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.

સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા ચમરાડીવાળા ૧૨મા સમૂહલગ્નનાં સંપૂર્ણ ખર્ચના દાતા બન્યા છે. આ સમૂહલગ્નનાં ઉદ્‌ઘાટક તરીકે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ, ભવાની જેમ્સવાળા મનજીભાઈ રૂડાભાઈ ધોળકીયા, ભક્તિ ડેવલોપર્સ દ્વારા રમેશભાઈ ગજેરા, સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પરશોત્તમભાઈ ગજેરા હાજર રહેશે. આ સમારોહમાં વિવિધ ઉદ્યોગપતિઓ મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે.

સમૂહલગ્નની સાથે બપોરના ૩ થી ૬ કલાક દરમ્યાન રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ૧૨મા સમૂહલગ્નમાં ૨૪ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. આ સમૂહલગ્ન લેઉવા પટેલ સમાજની વાડી ભુરખીયા રોડ લાઠી ખાતે યોજાશે.

# ધારીમાં નસીત પેટ્રોલ પંપ પાસે જૂની અદાવતમાં યુવકને ધમકી

**શરીરે મુંઢમાર પણ માર્યો**

ધારી, તા.૩૦

ધારીમાં નસીત પેટ્રોલ પંપ પાસે જૂની અદાવતમાં યુવકને ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે રવીભાઈ જયસુખભાઈ જયસ્વાલ (ઉ.વ.૩૮)એ મકસુદ ઈબ્રાહીમભાઈ કટારીયા, ઈમરાન કટારીયા તથા બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, કોઈ જૂની વાતની અદાવત રાખી તેમને લાકડાના બડીયા વડે શરીરે આડેધડ મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરિયાદ પરથી આરોપી સામે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જોરૂભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# નવી હળિયાદની પરિણીતાને રાજકોટમાં કરિયાવર મુદ્દે સાસરિયાની કનડગત

**પતિ સહિત સાત લોકો સામે ફરિયાદ નોંધાવી**

બગસરા, તા.૩૦

બગસરાના નવી હળિયાદ ગામની પરિણીતાને સાસરિયાએ કરિયાવર મુદ્દે મેણાટોણા માર્યા હતા તેમજ માનસિક શારીરિક દુઃખત્રાસ આપી દાગીનાની માગણી કરી હતી. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. ઈશાબેન જયેન્દ્રભાઈ વાઘેલા (ઉ.વ.૨૩) એ રાજકોટમાં રહેતા પતિ જયેન્દ્રભાઈ કરશનભાઈ વાઘેલા, સાસુ ભાનુબેન કરશનભાઇ વાઘેલા, સસરા કરશનભાઇ વાઘેલા, જેઠ જિજ્ઞેશભાઇ કરશનભાઈ વાઘેલા, જેઠાણી જીજ્ઞાશાબેન જિજ્ઞેશભાઇ કરશનભાઇ વાઘેલા તથા જૂનાગઢમાં રહેતા નણંદ ઉશાબેન અને નણંદોયા પિયુષભાઈ ચાવડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન તા.૧૬/૦૩/૨૦૨૩ ના રોજ જયેન્દ્રભાઈ કરશનભાઈ વાઘેલા સાથે થયા હતા. થોડો સમય તેમને સાસરિયામાં સારી રીતે રાખ્યા બાદ તેમને કરિયાવર બાબતે તથા ખોટી શંકા કરી મેણાટોણા બોલી શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. તેમજ અવાર-નવાર સોનાના દાગીનાની માગણી કરી હતી. ઉપરાંત ગાળો આપી હતી તથા શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં શ્રમિકના ઘરમાંથી સોનાની બે બુટીની ચોરી થઈ

**મજૂરીએ ગયા બાદ ઘટના બની**

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલામાં રહેતા એક શ્રમિકના ઘરમાંથી સોનાની બે બુટીની ચોરી કરવામાં આવી હતી. આ ઘટના મજૂરીએ ગયા બાદ બની હતી. જેને લઈ મહેશભાઈ જીવરાજભાઈ ગોહીલ (ઉ.વ.૩૦)એ અલ્તાફભાઈ ઉર્ફે ટકો ઉસ્માનભાઈ ઝાખરા (ઉ.વ.૨૭) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ વાડીએ મજૂરીકામ માટે ગયા હતા અને સાંજના સમયે પરત આવ્યા ત્યારે ઘરમાંથી સોનાની બે બુટ્ટી ગાયબ હતી. મજૂર પરિવારમાં ચોરીની ઘટના બનતા પરિવાર હેરાન થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.જે. લકુમ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભામાં સોનું આપવાના બહાને છેતરપિંડી: આરોપીએ ચેકથી રૂ.૪.૮૦ લાખ પડાવ્યા

**૫૦ ગ્રામ સોનાનું બિસ્કિટ આપવાની લાલચ આપી હતી**

ખાંભા, તા.૩૦

ખાંભા પંથકમાં એક વ્યક્તિ સાથે રૂ.૪,૮૦,૦૦૦ ની છેતરપિંડી થયાની ઘટના સામે આવી હતી. આરોપીએ ૫૦ ગ્રામનું સોનાનું બિસ્કિટ આપવાના બહાને ફરિયાદી પાસેથી મોટી રકમ ચેક દ્વારા પડાવી લીધી હતી અને સોનું આપ્યા વિના નાસી છૂટ્યો હતો. આ અંગે ભાભલુભાઈ પોપટભાઈ સોલંકી (ઉ.વ.૪૩) એ હિરેનભાઈ ઉર્ફે ચકુ ત્રિભોવનભાઇ સલ્લા (સોની) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ મુજબ, આ કામના આરોપીએ તેમનો સંપર્ક સાધ્યો હતો અને તેમને ૫૦ ગ્રામ વજનનું સોનાનું બિસ્કિટ આપવાની લાલચ આપી હતી. આ સોનાના બિસ્કિટની કિંમત આશરે રૂ.૪,૮૦,૦૦૦/- નક્કી કરવામાં આવી હતી. જે બાદ તેમની પાસેથી આરોપીએ કપટપૂર્વક અને બદદાનતથી સોનાના બિસ્કિટની કિંમત પેટે રૂ. ૪,૮૦,૦૦૦ ની રકમ ચેક દ્વારા મેળવી લીધી હતી. જોકે, પૈસા લીધા પછી આરોપીએ સોનાનું બિસ્કિટ ઈરાદાપૂર્વક આપ્યું નહોતું. આરોપીએ ફરિયાદી પાસેથી નાણાં પડાવી લીધા બાદ સ્થળ પરથી નાસી છૂટીને છેતરપિંડીનો ગુનો આચર્યો હતો. ફરિયાદીએ સમગ્ર મામલે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી.એમ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા કડક કાર્યવાહી: રાહદારીઓને અડચણરૂપ લારીઓ હટાવાઈ

સાવરકુંડલા, તા.૩૦

દિવાળીના પર્વ પર મોટી સંખ્યામાં સાવરકુંડલા તાલુકાના રહેવાસીઓ તેમના માદરે વતન પધાર્યા છે. હટાણું તથા અન્ય ખરીદી માટે તેઓ સાવકુંડલા આવે છે જેને લઈ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વકરી હતી. સાવરકુંડલા શહેરના મુખ્ય માર્ગો અને જાહેર વિસ્તારોમાં ટ્રાફિકની ગંભીર સમસ્યા નિવારવા માટે તંત્ર દ્વારા કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને રાહદારીઓની અવરજવર અને વાહનવ્યવહારને અડચણરૂપ થાય તે રીતે રોડ પર ઊભા રહેતા ફ્રૂટ વિક્રેતાઓ અને નાસ્તાના રેંકડીધારકો સામે સપાટો બોલાવવામાં આવ્યો હતો. શહેરના કેટલાક મુખ્ય ચોક અને બજાર વિસ્તારોમાં, ફ્રૂટની લારીઓ, નાસ્તાની રેંકડીઓ અને અન્ય કામચલાઉ દબાણોના કારણે ટ્રાફિક જામ થવો અને રાહદારીઓ માટે ચાલવું મુશ્કેલ બનવું એ રોજિંદી સમસ્યા બની ગઈ હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને, નગરપાલિકા અને પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. શહેરના મુખ્ય બજારો, બસ સ્ટેશન વિસ્તાર અને વધુ ભીડવાળા માર્ગો પર દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. ટ્રાફિકને અડચણરૂપ જણાતી લારીઓ અને રેંકડીઓને તાત્કાલિક જપ્ત કરવામાં આવી હતી. તેમજ કેટલાક વિક્રેતાઓને દંડ ફટકારવામાં આવ્યો હતો. તંત્રની આ અચાનક અને કડક કાર્યવાહીથી ટ્રાફિક નિયંત્રણમાં આવતા સ્થાનિકો અને રાહદારીઓમાં રાહતની લાગણી ફેલાઈ હતી. ઘણા સમયથી નડતરરૂપ બનતા આ દબાણો દૂર થતાં રસ્તાઓ ખુલ્લા થયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા.૩૧-૧૦-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૩૧,
સૂર્યાસ્ત-૦૫:૩૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૩૧-૧૦-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથે અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશો. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. સ્થળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે. આર્થિક લાભ થશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર: આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# દામનગરમાં પડોશી સાથેના વિવાદે ઉગ્ર સ્વરૂપ લીધું: પુરુષ પર હુમલો

**ફરિયાદી કીડીયારુ પુરીને ઘરે આવતા હતા**

દામનગર, તા.૩૦

દામનગર વિસ્તારમાં નજીવી બાબત અને બોલચાલના વ્યવહારને લઈને પડોશીઓ વચ્ચે ઉગ્ર વિવાદ થતાં મારામારીનો બનાવ સામે આવ્યો હતો. જેમાં એક પુરુષને શારીરિક ઈજા પહોંચતા તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઘુઘાભાઈ જોધાભાઈ ભુવા (ઉ.વ.૫૦)એ તખુબેન ઘનાભાઈ મેર, ઘનાભાઈ સારાભાઈ મેર, અરવિંદભાઈ ઘનાભાઈ મેર તથા કરણભાઈ વિહાભાઈ મેર સામે ફરિયાદ નોંધાવી હતી. બનાવની વિગતો મુજબ, તેઓ કીડીયારુ પુરી પોતાના ઘરે જઈ રહ્યા હતા તે દરમિયાન તેમના નાના ભાઈના પત્ની બેનાબેન અને પડોશમાં રહેતા તખુબેન મેર વાતચીત કરી રહ્યા હતા. તેમને ઘનાભાઈ સારાભાઈ મેર સાથે બોલાવવાનો કોઈ વ્યવહાર ન હોવાથી, તેમણે પોતાના ભાઈના પત્ની બેનાબેનને તેમની સાથે વાતચીત કરવાની ના પાડી હતી. જેથી ઘનાભાઈ મેરને સારું ન લાગતાં તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલવા લાગ્યા હતા. ગાળાગાળી ચાલતી હતી તે દરમિયાન અન્ય આરોપીઓ પણ ત્યાં આવી જતાં, તેઓએ ભેગા મળીને તેમની સાથે બોલાચાલી કરી હતી. ઉપરાંત શરીરે માર માર્યો હતો અને તેમને મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના મોટા મુંજીયાસર ગામના માથાભારે શખ્સને પાસામાં ધકેલ્યો

બગસરા,તા.૩૦



બગસરા તાલુકાનાં મોટા મુંજીયાસર ગામનો માથાભારે શખ્સ શરીર સંબંધી ગુનાઓ કરવાની ટેવવાળો હોય તેમજ ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરિકો સામે દાદાગીરી કરતો હોય જે અન્વયે બગસરા પી.આઈ. આઈ. જે. ગીડા દ્વારા માથાભારે ઈસમ અમીત લાલજી રાઠોડ વિરૂધ્ધ પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત કરી જિલ્લા પોલીસ વડાને મોકલી આપતા પોલીસ વડાએ કલેકટર મારફત પાસાનું વોરન્ટ તૈયાર કરતા અમીત લાલજી રાઠોડને પાસા તળે પાલનપુર જેલમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલામાં મહિલા પર હુમલો: ખભે બટકું ભરી ઈજા પહોંચાડી

**ઘરમાં ઘૂસીને ગાળો પણ આપી**

સાવરકુંડલા,તા.૩૦

સાવરકુંડલા પંથકમાં એક બનાવમાં મહિલાના ઘરમાં અપપ્રવેશ કરીને તેના પર હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે નબુબેન ડાયાભાઈ કારોડીયા (ઉ.વ.૮૫)એ હીંમતભાઈ મફાભાઈ કારોડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી અવાર-નવાર તેમના ઘરની બાજુમાં રહેતા તેના કાકાના ઘરે આવતો હતો. આ દરમ્યાન આરોપીએ તેના ઘરમાં ઘૂસી જઈને પ્રથમ તો ગાળો આપી હતી. ત્યારબાદ, આરોપીએ હુમલો કરતાં લોખંડના પાઈપ વડે ફરિયાદીના જમણા હાથની કોણીના ભાગે એક ઘા મારી મુંઢ ઈજા પહોંચાડી હતી. આટલેથી ન અટકતાં, ડાબા હાથમાં પણ પાઈપનો બીજો ઘા મારતા ફરિયાદીને ટાંકા લેવા પડ્યા હતા. હુમલા દરમિયાન આરોપીએ ડાબા હાથના ખભાના ભાગે બટકું ભરીને ઈજા પહોંચાડી હતી.

આ કૃત્ય બાદ આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સાવરકુંડલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાના ખાખરીયા ગામના ગરનાળા પાસે મૈત્રીકરારના મનદુઃખમાં હુમલો

વડીયા, તા.૩૦

વડીયાના ખાખરીયા ગામના ગરનાળા પાસે મૈત્રીકરારના મનદુઃખમાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. યુવકને આંતરીને મરચાં નાખી, પાઈપ અને લાકડીથી મારવામાં આવ્યો હતો. બનાવ અંગે જેતપુરમાં રહેતા રણજીતભાઈ રઘુભાઈ શેખવા (ઉ.વ.૩૦)એ ભેંસાણ તાલુકાના સાંકરોળા ગામના અનકભાઈ દાદભાઈ બસીયા તથા દીપુભાઈ જીલુભાઈ બસીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમણે અનકભાઈ દાદભાઈ બસીયાના પૂર્વ પત્ની સાથે મૈત્રીકરાર કર્યો હતો. આ મનદુઃખને કારણે બંને આરોપીઓએ ગુનાહિત કાવતરું રચીને તેમના વાહનને ગેરકાયદેસર રીતે અવરોધ કર્યો હતો અને તેમને જાહેરમાં રસ્તા પર રોક્યા હતા. હુમલા દરમિયાન, આરોપીઓએ સૌપ્રથમ ફરિયાદીના મોઢા અને આંખોમાં ચટણી (મરચાંનો પાવડર) નાખી દીધી હતી, જેનાથી તેમની આંખોને સામાન્ય ઈજા થઈ હતી. ત્યારબાદ, લાકડી વડે માર માર્યો હતો, જેના કારણે ફરિયાદીના માથાના ભાગે બે ટાંકા લેવા પડે તે રીતની મહાવ્યથા પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.એમ. કાછેલા બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

### તંત્રી લેખ

# પાકિસ્તાનનું સપનું ડિજિટલ કરન્સી

ગરીબીથી પીડિત પાકિસ્તાન, તેના પડોશી દેશ ભારતની જેમ, તેના સમગ્ર રાષ્ટ્રને ડિજિટલ રીતે રૂપાંતરિત કરવાની અને વ્યવહારોને સંપૂર્ણપણે કેશલેસ બનાવવાની મહત્વાકાંક્ષા ધરાવે છે. એક તરફ, સરકાર આધુનિક ડિજિટલ અર્થતંત્રના નિર્માણ માટે મોટા દાવાઓ કરે છે અને યોજનાઓ ઘડે છે, પરંતુ બીજી તરફ, જમીની વાસ્તવિકતા આ ડિજિટલ ભ્રમને સ્પષ્ટપણે તોડી પાડે છે. આ કેશલેસ સ્વપ્ન અને પાકિસ્તાનની હાલની પરિસ્થિતિ વચ્ચેનું અંતર સ્પષ્ટપણે દેખાય છે, જ્યાં નાણાકીય વ્યવહારોમાં રોકડનું પ્રભુત્વ યથાવત છે. પાકિસ્તાનના ચલણમાં ૯.૫ ટ્રિલિયનથી વધુ રોકડ હજી પણ ફરે છે, જે દેશની કેશલેસ અર્થવ્યવસ્થા તરફની ધીમી અને સંઘર્ષપૂર્ણ પ્રગતિ પર ભાર મૂકે છે. આ પરિસ્થિતિ સરકારના ઉદ્દેશો અને સામાન્ય લોકો તેમજ વેપારીઓના રોજિંદા જીવનના પડકારો વચ્ચેના મોટા તફાવતને ઉજાગર કરે છે. પાકિસ્તાન ઈન્ડસ્ટ્રિયલ એન્ડ ટ્રેડર્સ એસોસિએશન ફ્રન્ટ (PIAF) ના વરિષ્ઠ ઉપપ્રમુખ, મુદાસિર મસૂદ ચૌધરી, આ વિષય પર ધ્યાન દોરતા કહે છે કે અધિકારીઓ વેપારીઓ અને ગ્રાહકો દ્વારા જમીન પર સામનો કરવામાં આવતા પડકારોને સમજવામાં અને તેનો સામનો કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા છે. તેમનું કહેવું છે કે ડિજિટલ પ્રગતિના માર્ગમાં મુખ્ય અવરોધો નબળી ઈન્ટરનેટ ઍક્સેસ, મર્યાદિત નાણાકીય સાક્ષરતા અને શહેરો તેમજ ગામડાઓમાં ઓછી જાગૃતિ છે. આ અવરોધો સૂચવે છે કે માત્ર ડિજિટલ ચુકવણીની જાહેરાતો કરવાથી કેશલેસ ઈકોનોમી બની જતી નથી. સરકાર ડિજિટલ ચુકવણીઓને પ્રોત્સાહન આપવા માટે ભરપૂર પ્રયાસો કરી રહી હોવા છતાં, વાસ્તવમાં લોકો અવિશ્વસનીય કનેક્ટિવિટી, વારંવાર સિસ્ટમ નિષ્ફળતા અને તકનીકી ખામીઓને કારણે સતત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, જે તેમને રોકડ વ્યવહારો તરફ પાછા ફરવા મજબૂર કરે છે. આ તકનીકી અને માળખાકીય નબળાઈઓ સામાન્ય નાગરિકોના વિશ્વાસને ડગમગાવી દે છે અને ડિજિટલ અપનાવવાની પ્રક્રિયાને અટકાવે છે. પાકિસ્તાનના ડિજિટલ રૂપાંતરણના માર્ગમાં સૌથી મોટા અવરોધો તેના નબળા માળખાકીય અને આર્થિક પડકારો છે. દેશની માત્ર ૬૧ ટકા વસ્તી પાસે જ મોબાઈલ ઈન્ટરનેટ ઍક્સેસ છે, જેના કારણે ગ્રામીણ વિસ્તારો મોટાભાગે ડિજિટલ સિસ્ટમથી કપાયેલા રહે છે. આ વિશાળ ડિજિટલ વિભાજન દર્શાવે છે કે દેશની મોટી વસ્તીને ડિજિટલ અર્થતંત્રનો ભાગ બનાવવા માટે પાયાની સુવિધાઓનો કેટલો અભાવ છે. લાહોરના શાહ આલમ માર્કેટના એક દુકાનદાર, રિઝવાન શેખ, એક્સપ્રેસ ટ્રિબ્યુનને આપેલી મુલાકાતમાં આ વાસ્તવિકતા સમજાવે છે. તેઓ કહે છે કે નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રાહકો નબળી ઈન્ટરનેટ ઍક્સેસ અને ચુકવણી એપ્લિકેશન્સમાં વારંવાર આવતી તકનીકી ખામીઓને કારણે રોકડ વ્યવહારને વધુ પસંદ કરે છે. રોકડની આ સરળતા અને વિશ્વસનીયતા, ખાસ કરીને જ્યાં કનેક્ટિવિટી અનિશ્ચિત છે, ત્યાં ડિજિટલ પ્લેટફોર્મને પાછળ ધકેલી દે છે. સરકારે પ્રધાનમંત્રી કેશલેસ ઈકોનોમી યોજના હેઠળ મહત્વાકાંક્ષી લક્ષ્યો નિર્ધારિત કર્યા છે. આ લક્ષ્યોમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં સક્રિય ડિજિટલ વેપારીઓની સંખ્યા ૨ મિલિયન સુધી વધારવી અને ઈન્ટરનેટ અને મોબાઈલ બૅંકિંગ વપરાશકર્તાઓને ૯૫ મિલિયનથી વધારીને ૧૨૦ મિલિયન સુધી લઈ જવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વાર્ષિક ડિજિટલ વ્યવહારોને બમણા કરીને ૧૫ અબજ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે.

# બિહાર એટલે ઇતિહાસનું ગૌરવ અને રાજનીતિનું એપી સેન્ટર

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

બિહારમાં હાલ રાજકારણનું સમરાંગણ ચાલી રહ્યું છે જેમાં અનેક નાના મોટા રાજકીય પક્ષો મેદાનમાં છે. બિહારના વર્તમાન રાજકારણના સમરાગણમાં ઉતરતા પહેલા તેની પૂર્વભૂમિકા જાણવી જરૂરી છે.

બિહાર રાજ્ય ભારતની પૂર્વ દિશામાં સ્થિત એક એવો ભૂભાગ છે, જે માત્ર ભૌગોલિક સીમાઓથી નહીં, પરંતુ સદીઓ જૂના ભવ્ય ઈતિહાસથી બંધાયેલો છે. ઉત્તરમાં નેપાળ, પૂર્વમાં પશ્ચિમ બંગાળ, પશ્ચિમમાં ઉત્તર પ્રદેશ અને દક્ષિણમાં ઝારખંડની સીમાઓથી ઘેરાયેલું આ રાજ્ય તેની રાજધાની પટના સાથે સમગ્ર દેશમાં એક વિશેષ સ્થાન ધરાવે છે. ગંગા નદી બિહારના મધ્યમાંથી વહીને અહીંના વિશાળ મેદાની પ્રદેશને અત્યંત ફળદ્રુપ બનાવે છે. વસ્તીની દૃષ્ટિએ ભારતનું ત્રીજું સૌથી મોટું રાજ્ય હોવાને કારણે, બિહારની ભૂમિકા ભારતીય રાજકારણ અને સમાજ માટે હંમેશા મહત્ત્વપૂર્ણ રહી છે.

આ ભૂમિને પ્રાચીનકાળમાં મગધ તરીકે ઓળખવામાં આવતી હતી અને તે ભારતના મહાન સામ્રાજ્યોનું કેન્દ્ર રહી છે. વિશ્વનું પ્રથમ ગણરાજ્ય, વૈશાલીનું લિચ્છવી ગણરાજ્ય, અહીં જ સ્થપાયું હતું. આ એ જ પવિત્ર ભૂમિ છે જ્યાં તથાગત બુદ્ધ અને ભગવાન મહાવીર સ્વામીનો ઉદય થયો, જેમણે અનુક્રમે બૌદ્ધ અને જૈન ધર્મના ઉદ્ભવ અને પ્રચારમાં કેન્દ્રીય ભૂમિકા ભજવી. અહીં નાલંદા અને વિક્રમશિલા જેવી વિશ્વવિખ્યાત યુનિવર્સિટીઓ આવેલી હતી, જેણે હજારો વર્ષો સુધી વિશ્વભરના જ્ઞાનપિપાસુઓને આકર્ષ્યા હતા. મહાન મૌર્ય સામ્રાજ્ય (જેમ કે ચંદ્રગુપ્ત મૌર્ય અને સમ્રાટ અશોક)ની રાજધાની પાટલિપુત્ર (હાલનું પટના) પણ આ જ બિહારનું ગૌરવ છે.

બ્રિટિશ શાસન દરમિયાન, ૧૯૧૨ માં તે બંગાળમાંથી અલગ થઈને બિહાર અને ઓડિશા પ્રાંત તરીકે અસ્તિત્વમાં આવ્યું અને ૧૯૩૬ માં ઓડિશા અલગ પડ્યું. આ ભૂમિએ જ સ્વતંત્રતા સંગ્રામમાં મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળના પ્રથમ ચંપારણ સત્યાગ્રહ (૧૯૧૭)નું સાક્ષી બનીને આઝાદીની લડાઈને નવી દિશા આપી.

સ્વતંત્રતા પછી બિહારનું રાજકારણ મુખ્યત્વે જટિલ સામાજિક સમીકરણો અને સમય સાથે બદલાતી સમાજવાદી વિચારધારાના પ્રવાહ પર નિર્ભર રહ્યું છે. શરૂઆતમાં શ્રી કૃષ્ણ સિંહ જેવા નેતાઓના નેતૃત્વમાં કોંગ્રેસનું પ્રભુત્વ રહ્યું, પરંતુ સિત્તેરના દાયકામાં જયપ્રકાશ નારાયણ (JP) દ્વારા શરૂ કરાયેલ સંપૂર્ણ ક્રાંતિનું આ રાજ્ય કેન્દ્ર બન્યું, જેણે રાષ્ટ્રીય રાજનીતિ પર ગહન અસર છોડી. ૧૯૯૦ના દાયકાથી બિહારના રાજકારણમાં એક મોટો વળાંક આવ્યો, જ્યાં લાલુ પ્રસાદ યાદવના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય જનતા દળ (RJD)નું શાસન સ્થાપિત થયું, જેણે સામાજિક ન્યાય અને પછાત વર્ગોના ઉત્થાનના રાજકારણને કેન્દ્રમાં મૂક્યું.

લાલુ પ્રસાદ યાદવની બિહારના વિકાસમાં ભૂમિકા જટિલ ગણાય છે. તેમનું શાસન મુખ્યત્વે સામાજિક ન્યાય અને પછાત તથા દલિત વર્ગોને રાજકીય સત્તા અપાવવા પર કેન્દ્રિત રહ્યું. તેમણે ગરીબો અને વંચિતોને અવાજ આપીને તેમને રાજકારણના મુખ્ય પ્રવાહમાં લાવ્યા, જે તેમની સૌથી મોટી સિદ્ધિ ગણાય છે. જોકે, તેમના શાસનકાળ દરમિયાન આર્થિક વિકાસ, શિક્ષણ અને કાયદા-વ્યવસ્થા પર પૂરતું ધ્યાન અપાયું ન હોવાના કારણે રાજ્યની માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિક પ્રગતિને મોટો ફટકો પડ્યો, જેના લીધે તેમના શાસનને 'જંગલરાજ' તરીકે પણ ટીકાનો સામનો કરવો પડ્યો છે. વિકાસના મોરચે નબળાઈ હોવા છતાં, તેમનું યોગદાન બિહારના સામાજિક પરિવર્તનના ઈતિહાસમાં અવિસ્મરણીય છે.

જોકે, વર્ષ ૨૦૦૦માં આર્થિક અસમાનતા અને વિકાસના મુદ્દાઓના કારણે દક્ષિણ બિહારને અલગ કરીને ઝારખંડ રાજ્યની રચના થઈ. ત્યારબાદ, નીતિશ કુમારની આગેવાની હેઠળના ગઠબંધન, જેમાં જનતા દળ (યુનાઈટેડ) અને ભારતીય જનતા પાર્ટી મુખ્ય હતા, દ્વારા બિહારમાં 'સુશાસન'ના યુગનો પ્રારંભ થયો, જ્યાં વિકાસ અને કાયદા-વ્યવસ્થા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.




નીતિશ કુમાર બિહારના રાજકારણમાં એક અત્યંત નિર્ણાયક અને લાંબા સમયથી પ્રભાવશાળી ભૂમિકા ભજવતા નેતા રહ્યા છે. તેમને બિહારમાં સુશાસન અને વિકાસ પુરુષ તરીકે ઓળખવામાં આવે છે. ૧૯૯૦ના દાયકાના જંગલરાજ પછી તેમણે રાજ્યમાં કાયદા અને વ્યવસ્થા સ્થાપિત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેમનો રાજકીય માર્ગ વારંવાર બદલાયો છે, જ્યાં તેઓ ભારતીય જનતા પાર્ટી (BJP) અને રાષ્ટ્રીય જનતા દળ (RJD) બંને સાથે ગઠબંધન કરીને મુખ્યમંત્રી પદ પર રહ્યા છે. નીતિશ કુમારની સૌથી મોટી વિશેષતા એ છે કે તેઓ ગઠબંધનના રાજકારણના મુખ્ય આધારસ્તંભ બની રહ્યા છે અને તેમના પક્ષ જનતા દળ (યુનાઈટેડ) (JD(U)) ભલે ઓછી બેઠકો જીતે, પણ તેઓ સત્તાની ધરી પર રહે છે. તેમની આ ભૂમિકા તેમને બિહારના રાજકારણમાં 'કિંગમેકર' અને 'કિંગ' બંને બનાવે છે, જે રાજ્યના રાજકીય સમીકરણો પર ઊંડી અસર પાડે છે.

બિહારની રાજનીતિનું સૌથી મહત્ત્વનું લક્ષણ તેનું સતત પરિવર્તનશીલ ગઠબંધનનું રાજકારણ છે, જ્યાં સત્તા મેળવવા માટે રાજકીય પક્ષો સમય અને સંજોગો અનુસાર પોતાના જોડાણો બદલતા રહે છે. આમ, બિહારનો રાજકીય ઈતિહાસ દર્શાવે છે કે આ રાજ્ય માત્ર ચૂંટણીના પરિણામો દ્વારા જ નહીં, પરંતુ સતત બદલાતા પ્રવાહ અને વિકાસની આકાંક્ષાઓ દ્વારા ભારતીય લોકશાહીમાં પોતાનું મહત્ત્વ જાળવી રાખે છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૫ | ૧૫૪૫ |
| ઘઉં લોકવન | ૫૨૧ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૫૮૫ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૯૩૦ |
| જુવાર પીળી | ૩૨૫ | ૪૧૦ |
| બાજરી | ૨૯૦ | ૪૦૫ |
| તુવેર | ૯૫૦ | ૧૪૦૦ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૧૨૦ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૯૧૦ |
| અડદ | ૯૨૦ | ૧૪૮૮ |
| મગ | ૯૫૦ | ૧૬૭૫ |
| વાલ દેશી | ૮૮૨ | ૧૦૩૦ |
| ચોળી | ૮૦૦ | ૧૩૭૫ |
| મઠ | ૧૦૦૦ | ૧૯૦૮ |
| વટાણા | ૯૦૦ | ૨૦૦૦ |
| કળથી | ૫૪૦ | ૭૨૫ |
| રાજમા | ૮૨૦ | ૧૯૦૦ |
| મગફળી જાડી | ૮૨૧ | ૧૧૭૧ |
| મગફળી જીણી | ૯૩૧ | ૧૨૭૧ |
| તલી | ૧૫૭૬ | ૨૦૦૬ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૧૨ |
| અજમો | ૬૮૦ | ૬૮૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૫ |
| સીંગફાડા | ૯૮૦ | ૧૩૩૫ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૩૦૦ |
| લસણ | ૪૧૧ | ૮૫૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ધાણી | ૧૨૨૦ | ૧૪૭૫ |
| વરીયાળી | ૯૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૭૦૦ |
| રાય | ૧૨૫૦ | ૧૬૮૦ |
| મેથી | ૮૫૦ | ૧૨૭૬ |
| ઇસબગુલ | ૧૧૮૦ | ૧૧૮૦ |
| કલોંજી | ૪૨૦૦ | ૫૦૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૬૦ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૭૩૦૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૨૭ | ૮૧૩ |
| પપૈયા | ૪૨ | ૮૪ |
| બટેટા | ૨૬૧ | ૫૫૧ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૭૦ |
| ટમેટા | ૧૭૭ | ૪૨૩ |
| સુરણ | ૭૮૬ | ૮૪૨ |
| કોથમરી | ૮૧૬ | ૧૦૨૪ |

| | | |
|---|---|---|
| મુળા | ૩૦૮ | ૪૩૨ |
| રીંગણા | ૪૧૩ | ૮૧૯ |
| કોબીજ | ૧૨૪ | ૨૪૩ |
| ફ્લાવર | ૩૬૫ | ૬૫૩ |
| ભીંડો | ૩૯૮ | ૬૧૨ |
| ગુવાર | ૭૦૪ | ૧૪૧૩ |
| ચોળાસીંગ | ૨૪૨ | ૪૫૪ |
| વાલોળ | ૪૯૬ | ૭૧૬ |
| ટીંડોરા | ૨૨૭ | ૫૧૩ |
| દુધી | ૨૪૬ | ૩૦૮ |
| કારેલા | ૪૫૨ | ૬૩૪ |
| સરગવો | ૬૩૨ | ૧૧૫૪ |
| તુરીયા | ૪૮૮ | ૬૫૩ |
| પરવર | ૪૧૬ | ૭૩૧ |
| કાકડી | ૨૪૨ | ૬૧૪ |
| ગાજર | ૩૨૭ | ૫૪૩ |
| વટાણા | ૨૯૩૬ | ૩૬૭૬ |
| ગલકા | ૨૬૩ | ૪૫૪ |
| બીટ | ૩૬૪ | ૬૧૭ |
| મેથી | ૩૦૭ | ૫૧૪ |
| વાલ | ૧૦૧૪ | ૧૩૧૫ |
| ડુંગળી લીલી | ૩૨૫ | ૪૨૭ |
| આદુ | ૮૩૬ | ૧૨૫૩ |
| ચણા લીલા | ૩૯૭ | ૭૧૫ |
| મરચા લીલા | ૨૦૭ | ૮૧૧ |
| હળદર લીલી | ૮૧૬ | ૧૦૨૪ |
| લસણ લીલું | ૧૪૩૬ | ૨૨૫૩ |
| મકાઇ લીલી | ૧૬૭ | ૩૧૧ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૧૬ |
| સિંગદાણા જાડા | ૧૨૦૧ | ૧૩૩૬ |
| સિંગ ફાડીયા | ૭૫૧ | ૧૧૫૦ |
| એરંડા / એરંડી | ૮૦૧ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૮૫૧ | ૩૭૫૧ |
| કલંજી | ૧૫૦૦ | ૪૮૦૦ |
| ધાણા | ૯૦૧ | ૧૫૬૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૮૧૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૩૬ |
| અડદ | ૭૧૧ | ૧૩૧૧ |
| તુવેર | ૭૫૧ | ૧૪૦૧ |
| મેથી | ૭૧૧ | ૧૦૩૧ |
| સુવાદાણા | ૧૦૨૧ | ૧૦૫૧ |
| કાંગ | ૪૨૧ | ૫૧૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૬૧ |
| બાજરો | ૩૬૧ | ૪૦૧ |
| જુવાર | ૬૮૧ | ૮૩૧ |


| | | |
|---|---|---|
| મકાઇ | ૩૮૧ | ૪૩૧ |
| મગ | ૭૨૬ | ૧૮૪૧ |
| વાલ | ૨૮૧ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૪૩૧ | ૧૩૧૧ |
| રજકાનું બી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કળથી | ૪૦૧ | ૪૦૧ |
| ગોગળી | ૬૦૦ | ૮૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૫૪૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૭૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૫૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૩૮૦ | ૧૦૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૧૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૩૫૦ | ૪૫૦ |
| આંબળા | ૪૦૦ | ૮૦૦ |
| લીલી હળદર | ૭૮૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૩ | ૫ |
| તાંજરીયા પુરા | ૧ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| ફોદીનો પુરા | ૩ | ૪ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| અલાવિપન | ૧૦ | ૧૫ |
| જીજરાં | ૧૮૦ | ૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| સરગવો પુરા | ૨૦ | ૩૫ |
| ચોરા | ૧૦૦ | ૭૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૪૪૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૮૦ | ૨૦૦ |

| | | |
|---|---|---|
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૯૫ | ૧૧૦૪ |
| શીંગ ગીરનારી | ૮૪૦ | ૧૧૬૪ |
| શીંગ મોટી | ૬૭૬ | ૧૨૨૫ |
| શિંગ દાણા | ૭૦૦ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૭૧૦ | ૪૪૭૫ |
| તલ કશ્મીરી | ૨૨૭૦ | ૨૨૭૦ |
| બાજરો | ૩૦૦ | ૩૨૫ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૭૨ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૨ |
| મકાઈ | ૨૨૨ | ૩૭૦ |
| મગ | ૮૪૦ | ૧૨૩૦ |
| અડદ | ૧૧૭૬ | ૧૩૨૦ |
| ચણા | ૧૭૨૦ | ૧૭૯૨ |
| ચણા દેશી | ૯૮૦ | ૯૮૦ |
| સફેદ ચણા | ૮૫૫ | ૧૦૩૧ |
| છોલે ચણા | ૧૭૨૦ | ૧૭૯૨ |
| કપાસ | ૯૯૦ | ૧૫૯૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૨ |
| જીરૂ | ૨૪૯૦ | ૩૩૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૯૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૬૩ |
| રજકાનું બી | ૪૧૦૦ | ૭૪૦૦ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૩૦૦ | ૪૨૦ |
| રીંગણા | ૨૧૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૬૨૦ | ૭૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટા | ૩૪૦ | ૩૮૦ |
| સુરણ | ૭૧૦ | ૮૪૦ |
| ગાજર | ૮૨૦ | ૧૨૨૦ |
| દુધી | ૨૦૦ | ૩૪૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૨૦ | ૫૪૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૪૨૦ | ૧૦૫૦ |
| વાલોળ | ૭૦૦ | ૮૦૦ |
| વટાણાં | ૩૨૫૦ | ૩૫૦૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૩૨૦ | ૫૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૭૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૧૫૦ | ૨૮૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૮૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૧૮૦૦ | ૨૫૦૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૪૦૦ |
| લસણ સુકું | ૪૦૦ | ૧૨૪૦ |
| ચિભડા | ૫૦૦ | ૭૦૦ |
| લીબુ | ૫૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૩૮૫ | ૧૪૯૬ |
| કપાસ કોડી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| મગફળી | ૭૪૦ | ૯૩૬ |
| ઘઉં | ૪૨૫ | ૪૨૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૩૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૧ |
| ચણા સફેદ | ૯૨૫ | ૧૦૩૧ |
| મગ | ૯૯૦ | ૧૦૦૦ |
| અડદ | ૭૫૫ | ૧૧૦૦ |
| ધાણા | ૧૨૯૫ | ૧૩૫૧ |
| લસણ | ૨૫૦ | ૫૫૧ |
| સોયાબીન | ૫૦૦ | ૮૨૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| સીંગફાડા | ૮૯૫ | ૯૫૨ |
| મગફળી | ૬૯૦ | ૮૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૯૯ | ૧૫૧૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૬ |
| બાજરો | ૩૦૦ | ૪૦૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૬ |
| અડદ | ૭૫૧ | ૧૩૧૧ |
| મગફળી | ૬૦૧ | ૧૦૪૬ |

| | | |
|---|---|---|
| સીંગફાડા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૮૩૬ |
| મેથી | ૬૫૧ | ૯૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૧૬ |
| સોયાબીન | ૭૦૧ | ૮૬૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૦૦ | ૧૪૫૦ |
| જુવાર સફેદ | ૮૫૧ | ૮૫૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૯૫૫ | ૧૦૭૮ |
| શીંગ ૩૯ | ૭૩૦ | ૧૧૫૦ |
| શીંગ ગીરનારી | ૮૭૨ | ૧૧૨૮ |
| શીંગ જી-૨૦ | ૮૩૦ | ૧૧૨૮ |
| જુવાર | ૪૫૧ | ૫૬૮ |
| બાજરી | ૩૬૦ | ૫૮૧ |
| ઘઉં ટુકડા | ૫૪૮ | ૬૧૮ |
| અડદ | ૮૦૦ | ૧૦૧૫ |
| સોયાબીન | ૮૩૮ | ૮૩૮ |
| ચણા | ૯૦૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૬૮૫ | ૧૬૮૫ |
| ડુંગળી લાલ | ૮૨ | ૨૬૧ |
| ડુંગળી સફેદ | ૯૧ | ૧૨૨ |
| કપાસ શંકર | ૯૫૦ | ૧૫૧૬ |
| નાળીયેર | ૭૮૦ | ૩૩૫૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૭૭૦ |
| બાજરો | ૩૩૦ | ૪૧૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૩ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ચોળી | ૬૦૦ | ૧૩૫૦ |
| વાલ | ૨૦૦ | ૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૮ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૧૬૮૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૧૫૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૧૧૦ |
| મગફળી ૬૬ | ૯૦૦ | ૧૩૦૦ |
| મગફળી ૯ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| તલ | ૮૦૦ | ૨૦૦૦ |
| લસણ | ૪૫૦ | ૮૫૭ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૨૫ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૬૩૫ |
| અજમો | ૧૨૭૦ | ૨૨૮૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૭૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૫ |

## શબ્દ સંજોગ-૨૦૯૨



**આડી ચાવી :**
(૧) એક અભિનેત્રી (૫)
(૨) ફોકટ, વ્યર્થ (૨)
(૩) રગ, નાડી (૨)
(૪) હથિયાર (૩)
(૫) ટેકો, થાંભલો (૨)
(૬) તર્ક કરો તો આ ખાનામાં શું આવશે ? (૨)
(૮) ખેદ, દિલગીરી (૨)
(૧૦) યોગ્ય, ઉચિત (૩)
(૧૧) અહિંયા પ્રથમ વખત અણુધડાકો કરવામાં આવ્યો હતો (૪)
(૧૪) અંગત, પોતીકુ (૨)
(૧૫) ટોળુ (૨)
(૧૬) વિક્રમ અને...... (૩)
(૧૯) સોનેરી, રૂપાનું (૩)
(૨૧) પગાર (૩)
(૨૨) એક ફળ (૩)
(૨૪) ભાર, વકકર (૩)
(૨૬) અહીંના ઘઉં પ્રખ્યાત છે (૨)

**ઉભી ચાવી :**
(૧) ભાગ્યદેવતા, આજ્ઞા (૨)
(૨) ઘોષણા, જાહેરાત (૩)
(૪) અનિરૂધ્ધની પત્ની (૨)
(૬) નીચે, તળિયે (૨)
(૭) જોઈતી સામગ્રી (૪)
(૯) બાલસૂર્ય, ઉગતો સૂર્ય (૩)
(૧૨) પૈસો, સોનું (૨)
(૧૩) લીનતા, પ્રલય (૨)
(૧૪) શેકીને કડક કરેલી રોટલી (૩)
(૧૬) નાકની વાળી, નથ (૫)
(૧૮) એક દેવર્ષિ (૩)
(૨૦) કપાસનો છોડ (અ) (૨)
(૨૨) લીલ, સેવાળ (૩)
(૨૩) ઓછુવત્તુ, ચડતુઉતરતું (૪)
(૨૫) ભાનવાળુ (૩)
(૨૭) હરણ અંગ્રેજીમાં (૩)
(૨૮) ખેતરની આસપાસની ખેડયા વિનાની જગા (૩)

## શબ્દ સંજોગ-૨૦૯૧ જવાબ

**આડી ચાવી :** (૧) પરિમેય (૪) રખરખ (૭) રિષ્ટ (૮) જગબી (૧૦) હદા(દાહ) (૧૧) વેદાંત (૧૨) પસર (૧૩) દવાત (૧૫) કરડ (૧૬) ખાંડુ (૧૭) ઘોઘર (૨૦) ખાંપો (૨૧) રૂ (૨૨) પકડ (૨૫) કાતર (૨૭) સંતાકૂકડી (૨૮) બરફ (૨૯) લહેર.
**ઉભી ચાવી :** (૧) પરિવાદ (૨) રિષ્ટ (૩) યજદાં (૪) રબી (૫) રહસ (૬) ખદારબર(ખબરદાર) (૯) ગતકડું (૧૧) વેત (૧૨) પડઘો (૧૪) વાસો (૧૬) ખાંપો (૧૮) ઘડતર (૧૯) નાપસંદ (૨૦) ખાંડકૂટ (૨૩) કતા (૨૪) વડીલ (૨૫) કાબર (૨૬) રફત.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### ડોક્ટર દિક્ષિતા ભંડેરી સંચાલિત સંપૂર્ણ આયુર્વેદિક સુશ્રુત હોસ્પિટલનો પણ પ્રારંભ

# અમરેલીમાં નારી હોસ્પિટલનું નવું સોપાન IVF સેન્ટર કાર્યરત થયું










અમરેલી,તા.૩૦

વર્ષોથી અમરેલીમાં ગાયનેક ક્ષેત્રે જાણીતા ડો. ચિરાગ કુબાવત અને ડો. ઉપાસના કુબાવત દ્વારા નારી હોસ્પિટલમાં આઈવીએફ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ડો વિજય નાકરાણી, ડો. કાજલ નાકરાણી, ડો. દિક્ષિતા ભંડેરી, ડો. રજનીકાંત રીબડીયા, અતુલભાઇ ગઢીયા અને ભરતભાઈ નાકરાણીના પ્રયાસથી નારી હોસ્પિટલમાં IVF સેન્ટર અને સુશ્રુત આયુર્વેદિક હોસ્પિટલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં જાણીતા ડોકટરો પોતાની સેવાઓ આપશે. અમરેલીમાં આઈવીએફ સેન્ટર શરૂ થતા નિઃસંતાન દંપતી માટે આશીર્વાદરૂપ સેવા સાબિત થશે.

સાથે જ ડો. દિક્ષિતા ભંડેરી અને ડો. રજનીકાંત રીબડીયા દ્વારા સુશ્રુત આયુર્વેદિક હોસ્પિટલનો પણ પ્રારંભ કરાયો છે. ડો. ચિરાગ કુબાવતના નવા સોપાનને આશીર્વાદ આપવા માટે ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા સહિતના જિલ્લાભરમાંથી રાજકીય, સામાજિક અને વિવિધ સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને તેમના નવા સોપાન અંગે શુભેચ્છાઓ પાઠવી હતી.

## સભાસદનું અવસાન થતા ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળી બાબરા દ્વારા વીમાનો ચેક અર્પણ કરાયો

બાબરા, તા.૩૦

બાબરા ખાતે આવેલી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળીના સભાસદ ગમા પીપળીયા ગામના રહીશ મનુભાઈ દેવશીભાઈ બોઘાણીએ મંડળીમાંથી લોન લીધી હતી લોન પેટે રૂપિયા ૧.૫૦ લાખનો વીમો ઉતરાવેલ હતો. આ સભાસદનું




અવસાન થતાં સભાસદે ઉતરાવેલ વીમાની રકમનો ચેક પરિવારના સભ્યોને આપવામાં આવ્યો હતો. આ તકે મંડળીના ચેરમેન ગોરધનભાઈ ગેડિયા, ગિરધરભાઈ સભાયા, દલસુખભાઈ ભેસાણીયા, ગુણાભાઈ ભંડેરી, શંભુભાઈ પાચાણી, મગનભાઈ કોઠીયા, સુરેશભાઈ ભાલાળા અને જયેશભાઈ ચોવટીયા સહિતના હાજર રહ્યા હતા.

**મંડળીના ચેરમેન સહિત પ્રતિનિધિઓ હાજર રહ્યા**

## પોલીસ સપોર્ટ સેન્ટર બોટાદે તૂટી રહેલ ૧૩ વર્ષના દામ્પત્યજીવનને આપી ખુશીની ભેટ

બોટાદ, તા.૩૦

બોટાદ જિલ્લા મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર (પી.બી.એસ.સી.) દ્વારા દિવાળીના તહેવારે એક તૂટતું દામ્પત્યજીવન બચાવવાનો સરાહનીય પ્રયાસ કરાયો છે. ૨ સંતાનોની માતા મહિલાએ પતિ અને સાસરી પક્ષ દ્વારા ચારિત્ર્ય શંકા હેઠળ થયેલી માનસિક પ્રતાડના અંગે ફરિયાદ



કરી હતી. મહિલા પોલીસ સ્ટેશનના એન.જી. પરમારના માર્ગદર્શન હેઠળ પી.બી.એસ.સી. કાઉન્સેલર રીનાબેન વ્યાસ અને રિંકલબેન મકવાણાએ બંને પક્ષોનું કાઉન્સેલિંગ કરીને સમજાવટથી સમાધાન કરાવ્યું. અનેક જૂથ બેઠક બાદ દંપતીએ ભૂતકાળ ભૂલી ફરીથી સાથે રહેવાનો નિર્ણય લીધો હતો. હાલમાં દંપતીનું જીવન સુચારૂ રીતે ચાલી રહ્યું છે. આ ઉમદા કામગીરી બદલ બંને ગામના સરપંચો અને પરિવારો દ્વારા પોલીસ સ્ટાફ તથા કાઉન્સેલરોને આભાર વ્યક્ત કરાયો હતો. તહેવાર નિમિત્તે આ સમાધાન બંને પરિવારો માટે ખુશીની અનમોલ ભેટ બની રહ્યું હતું.

**ધારાસભ્ય જનક તળાવીયાની નવા વર્ષની અનોખી ભેટથી ખેડૂતોમાં આનંદની લાગણી**

## લાઠી પંથકમાં જળક્રાંતિની નવી શરૂઆત: રૂ. ૧૫.૬૬ કરોડના ખર્ચે નદી ઉંડાણ-પહોળાઈ યોજના મંજૂર

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લાના લાઠી પંથકમાં જળસંચયની દિશામાં ઐતિહાસિક પગલું ભરાયું છે. લાઠીના માલવીયા પીપરીયા, મતીરાળા અને કૃષ્ણગઢ ગામોની જીવાદોરી સમાન નદીને પહોળી તથા ઊંડી ઉતારવા માટે સરકારે રૂ. ૧૫ કરોડ ૬૬ લાખની



સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. છેલ્લા ઘણા સમયથી ખેડૂતો આ પ્રોજેક્ટની માંગ કરી રહ્યા હતા, જેથી વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે અને ઉનાળામાં પાણીની તંગી દૂર થાય. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયત્નો અને અનુસંધાન બાદ આ મહત્વપૂર્ણ મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ નદીની જળસંગ્રહ ક્ષમતા અનેકગણી વધશે અને ભૂગર્ભજળ સ્તર પણ સુધરશે. સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થવાથી કૃષિ ઉત્પાદનમાં વધારો થશે અને વિસ્તારના હજારો ખેડૂતોને સીધો લાભ મળશે. ધારાસભ્ય તળાવીયાએ જણાવ્યું કે, ''ખેડૂતોની સુખાકારી અમારું ધ્યેય છે, આ પ્રોજેક્ટ લાઠી પંથકને જળક્રાંતિના માર્ગે અગ્રેસર બનાવશે.''

## માવઠાથી ખેડૂતોને નુકસાન, સહાય નહીં પણ 100% વળતર આપો : AAPના મહામંત્રી હિરેન વિરડીયાની માગણી

અમરેલી,તા.૩૦

રાજ્યમાં કમોસમી વરસાદ (માવઠા)ને કારણે ખેડૂતોને થયેલા વ્યાપક નુકસાન અંગે આમ આદમી પાર્ટી (AAP)ના મહામંત્રી અને અમરેલી જિલ્લાના પ્રભારી હિરેન વિરડીયાએ આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધા બાદ જણાવ્યું હતું



કે, ખેડૂતોને સહાય નહીં, પરંતુ ૧૦૦ ટકા વળતર આપવું જોઈએ. વિરડીયાએ કહ્યું હતું કે, તમામ ખેડૂતોનો પાક સો ટકા નષ્ટ થઈ ગયો છે. ખેડૂતોના હાથમાં પાક આવ્યો નથી અને ઢોરના ખાવા માટે પણ કંઈ બચ્યું નથી. ખેડૂતોને જેટલું વળતર આપી શકો તેટલું ઓછું છે. ૧૦૦ ટકા નુકસાન થયું છે, તો અહીં સહાય નહીં, પણ પૂરેપૂરું ૧૦૦ ટકા મદદ કરવી પડે. તેમણે સરકારને અપીલ કરી છે કે, તાત્કાલિક સેટેલાઈટ સર્વે કરાવીને સમગ્ર પંથકના ભોગ બનેલા તમામ ખેડૂતોને ૧૦૦ એ ૧૦૦ ટકા વળતર આપવામાં આવે. આ સાથે જ આમ આદમી પાર્ટી દ્વારા ૩૧મી ઑક્ટોબરે કિસાન મહા પંચાયત યોજવામાં આવી રહી હોવાની જાહેરાત કરતાં વિરડીયાએ ખેડૂતોને આ લડાઈમાં મોટી સંખ્યામાં સમર્થન આપવા માટે આવવા અપીલ કરી છે.

## ઉનાના રાતડ ગામની સીમમાંથી પાંચ ફૂટના અજગરનું સફળ રેસ્ક્યુ કરાયું



ઉના, તા. ૩૦

ગીર- સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના રાતડ ગામના સીમ વિસ્તારમાંથી પ્લાસ્ટિકની જાળમાં ફસાયેલા એક પાંચ ફૂટથી વધુ લાંબા અજગરને વનવિભાગની ટીમે સફળતાપૂર્વક રેસ્ક્યુ કરીને સલામત રીતે જંગલમાં મુક્ત કર્યો હતો. વનવિભાગની ટીમે કોઈ પણ પ્રકારની ઈજા ન થાય તે રીતે અત્યંત કાળજીપૂર્વક પ્લાસ્ટિકની જાળને કાપીને અજગરને મુક્ત કર્યો હતો.

## મહુવામાં ભારે વરસાદ વચ્ચે ખેડૂતોના હિતમાં ચાલુ રહેલ માર્કેટિંગ યાર્ડનું કામકાજ

**ચેરમેન ગભરૂભાઈ કામળીયાનો નિર્ણય, ખેડૂતોને મદદરૂપ થવા હરાજી નિયમિત ચાલુ**

મહુવા તા.૩૦

રાજ્યામાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોને પારાવાર નૂકસાની થઈ છે. મહુવામાં છેલ્લા પાંચ દિવસમાં ૧૫ ઈંચથી વધુ વરસાદ પડતાં ખેતરોમાં તેમજ ઢાળિયાઓમાં રાખેલી મગફળી ભીંજાઈ જતા




ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડ્યું છે. સૌરાષ્ટ્રના મોટાભાગના માર્કેટયાર્ડ બંધ હોવા છતાં, મહુવા માર્કેટિંગ યાર્ડના ચેરમેન ગભરૂભાઈ કામળીયા અને સેક્રેટરી વિશાલભાઈ પંચાણીના નિર્ણયથી યાર્ડનું કામકાજ ચાલુ રાખવામાં આવ્યું છે. દરરોજ મગફળી, ડુંગળી સહિતની હરાજી નિયમિત રીતે થાય છે. સેક્રેટરી પંચાણીએ વેપારીઓને વિનંતી કરી કે હાલ ખેડૂતોની સહાય માટે નફો-નુકસાન વિના સારા ભાવ આપીને ખરીદી કરે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની મુલાકાત દરમિયાન પણ ચેરમેને વરસાદથી નુકસાન પામેલા ખેડૂતોને સહાય આપવાની વિનંતી કરી, જેના પ્રતિસાદમાં મંત્રીએ રાહત પેકેજ વહેલી તકે જાહેર કરવાની ખાતરી આપી હતી.


**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૭૦/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ડાયાભાઈ લાખાભાઈ બાંભણીયા,
રહે.નાનાવાડા, ગામ-નાનાવાડા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .......**અરજદાર**

**વિરૂઘ્ઘ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નાનાવાડા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ .....**સામાવાળા**

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના નાનાવાડા ગામના રહીશ **સીદીભાઈ કાળાભાઈ બાંભણીયા તથા કાળીબેન સીદીભાઈ બાંભણીયાના પુત્ર ભરતભાઈ સીદીભાઈ બાંભણીયા નો** જન્મ **તારીખ:૦૧/૦૬/૧૯૭૮** ના રોજ કોડીનાર તાલુકાના નાનાવાડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નાનાવાડા, તાલુકો-કોડીનાર **સને-૧૯૭૮**ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત **તા.૨૮/૧૦/૨૦૨૫**ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એસ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# વરસાદથી થયેલા નુકસાનનો સર્વે ૭ દિવસમાં પૂર્ણ કરી દેવાશે : કૃષિ મંત્રી જીતુ વાઘાણી

ગાંધીનગર,તા.૩૦



રાજ્યમાં કમોસમી વરસાદથી ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. તેમના પાક નાશ પામ્યા છે, તેમની મહેનત પાણીમાં વહી ગઈ છે, જેના કારણે નોંધપાત્ર નાણાકીય નુકસાન થયું છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ આજે જાહેરાત કરી હતી કે વરસાદથી થયેલા નુકસાનનો સર્વે સાત દિવસમાં પૂર્ણ કરવામાં આવશે, અને સર્વે પૂર્ણ થયા પછી રાહત પેકેજ જાહેર કરવામાં આવશે. કમોસમી વરસાદને કારણે રાજ્યના ખેડૂતોને નોંધપાત્ર નુકસાન થયું છે. ખેડૂતોએ તેમના નાણાકીય નુકસાન માટે પૂરતા અને વાજબી વળતરની માંગ કરી છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે વરસાદથી થયેલા નુકસાનનો સર્વે સાત દિવસમાં પૂર્ણ કરવામાં આવશે, અને સર્વે પૂર્ણ થયા પછી રાહત પેકેજ જાહેર કરવામાં આવશે. જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે પાંચ જિલ્લામાં ભારે વરસાદ પડ્યો છે, જેના કારણે ૧૦ લાખ હેક્ટરથી વધુ જમીન પર પાકનો નાશ થયો છે. આ દુષ્કાળ ઘણા વર્ષોમાં અભૂતપૂર્વ રહ્યો છે. તેમણે જણાવ્યું કે મંત્રીઓને વિવિધ ક્ષેત્રો માટે જવાબદારી સોંપવામાં આવી છે, અને તમામ જિલ્લાઓમાં રીઅલ-ટાઈમ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

# મોન્થા વાવાઝોડાએ આંધ્રપ્રદેશ સહિત અનેક રાજ્યોમાં ભારે તારાજી સર્જી : બેના મોત

નવીદિલ્હી,તા.૩૦



ચક્રવાત મોન્થાએ આંધ્રપ્રદેશ સહિત અનેક રાજ્યોમાં ભારે નુકસાન પહોંચાડ્યું છે. આંધ્રપ્રદેશમાં વધુ બે લોકોના મોત થયા છે, જ્યારે ૧.૫ લાખ એકર ઉભા પાકનો નાશ થયો છે. આ વાવાઝોડાએ તેલંગાણા, ઓડિશા અને પશ્ચિમ બંગાળ સહિત અન્ય ઘણા રાજ્યોને પણ અસર કરી હતી. મોડી રાત્રે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યા બાદ મોન્થા નબળું પડી ગયું હતું. જોકે, ભારે વરસાદ અને જોરદાર પવનના કારણે વૃક્ષો ઉખડી ગયા હતા, ઘરો તૂટી પડ્યા હતા અને રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વીજ પુરવઠો અને ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. દરમિયાન, હવામાન વિભાગે આંધ્રપ્રદેશ અને ઉત્તરીય દરિયાકાંઠાના વિસ્તારોમાં બે દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. મધ્યરાત્રિએ આંધ્રપ્રદેશના મછલીપટ્ટનમ દરિયાકાંઠે ત્રાટક્યા બાદ ચક્રવાત નબળું પડ્યું હતું. મોન્થા, જેનો અર્થ સુગંધિત ફૂલ થાય છે, મંગળવાર અને બુધવારે રાત્રે પશ્ચિમ ગોદાવરી જિલ્લાના નરસાપુર નજીક આંધ્રપ્રદેશના દરિયાકાંઠેથી પસાર થયું હતું. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળની ટીમો રાજ્યમાં પુનર્વસન કાર્યમાં સતત રોકાયેલી છે.

## અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે એર ઈન્ડિયાના સીઈઓ વિલ્સને કહ્યું એન્જિનમાં કોઈ સમસ્યા નહોતી


નવી દિલ્હી,તા.૩૦

અમદાવાદ એરપોર્ટથી લંડન ગેટવિક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ગત ૧૨ જૂને દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. આ અકસ્માતમાં ૨૪૧ મુસાફરો સહિત કુલ ૨૬૦ લોકો મૃત્યુ પામ્યા હતા. આ અકસ્માતે સલામતી અંગે અનેક પ્રશ્નો ઉભા કર્યા હતા. ગતરોજ બુધવારે દિલ્હીમાં એવિએશન ઈન્ડિયા અને સાઉથ એશિયા ૨૦૨૫ કોન્ફરન્સ યોજાઈ હતી. આ દરમિયાન એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર કેમ્પબેલ વિલ્સને જણાવ્યું હતું કે, અકસ્માતની વચગાળાની તપાસ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે વિમાન, એન્જિન અથવા એરલાઈન કામગીરીમાં કોઈ ખામી નથી. એરલાઈન અસરગ્રસ્તોની આગળની મુસાફરીને સરળ બનાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. કેમ્પબેલ વિલ્સને કહ્યું કે, અમે, બીજા બધાની જેમ અંતિમ અહેવાલની રાહ જોઈ રહ્યા છીએ, અને જો તેમાંથી કોઈ પાઠ શીખવા મળે છે, તો અમે ચોક્કસપણે તે કરીશું. જૂનમાં થયેલ આ દુર્ઘટના વિમાનમાં સવાર લોકો, પરિવારો અને ક્રૂ સભ્યો માટે વિનાશક હતી.

# આરજેડીનું શાસન ગુંડારાજ, ક્રૂરતા અને ભ્રષ્ટાચારથી ભરેલું : પીએમ મોદી

પટણા,તા.૩૦

વડાપ્રધાન મોદી ગુરુવારે (૩૦ ઓક્ટોબર) ૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરવા માટે મુઝફ્ફરપુર પહોંચ્યા હતા. રેલી દરમિયાન, તેમણે કોંગ્રેસ અને આરજેડી પર આકરા પ્રહારો કર્યા. આરજેડીના શાસનને ગુંડાઓનું શાસન ગણાવતા, તેમણે લાલુ પ્રસાદ યાદવની પાર્ટીના કારનામાનું પાંચ શબ્દોમાં વર્ણન કર્યું. પીએમએ આરજેડીના શાસનને ગુંડારાજ, ક્રૂરતા, વિદ્રોહ, કુશાસન, અને ભ્રષ્ટાચાર તરીકે વ્યાખ્યાયિત કર્યું. વિશાળ જાહેર સભાને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું કે એનડીએનો અર્થ સુશાસન, એનડીએનો અર્થ લોકોની સેવા અને એનડીએનો અર્થ વિકાસની ગેરંટી છે. પીએમએ કહ્યું કે તેમની સભામાં મોટી સંખ્યામાં લોકો



હાજર રહ્યા તે સાબિત કરે છે કે બિહારમાં ફરી એકવાર એનડીએ સરકાર રચાઈ રહી છે. પીએમે જણાવ્યું કે તેઓ છઠ તહેવારને માનવતાના મહાન તહેવાર તરીકે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સૂચિમાં સામેલ કરવા માટે સતત કામ કરી રહ્યા છે. આ દરેક બિહારી અને દરેક ભારતીય માટે ગર્વની વાત હશે. તેમણે કહ્યું, છઠ ઉત્સવ પછી આ મારી પહેલી જાહેર સભા છે. છઠ ઉત્સવ બિહાર અને દેશનું ગૌરવ છે. તે દેશ અને દુનિયાભરમાં ઉજવવામાં આવે છે.

## મહારાષ્ટ્રની શાળાઓમાં વંદે માતરમનું ગાન ફરજીયાત કરતી ફડણવીસ સરકાર

મુંબઈ,તા.૩૦

એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, મહારાષ્ટ્ર સરકારે રાજ્યભરની બધી શાળાઓમાં રાષ્ટ્રગીત 'વંદે માતરમ'નું સંપૂર્ણ ગાન ફરજિયાત બનાવ્યું છે. સ્વર્ગસ્થ બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત આ ઐતિહાસિક ગીતની રચનાની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારી આદેશ મુજબ, અત્યાર સુધી શાળાઓમાં સામાન્ય રીતે 'વંદે માતરમ' ના ફક્ત પહેલા બે શ્લોકો ગવાતા હતા. જોકે, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ (કાર્તિક સુદ નવમી) ના રોજ, ગીધ ઉજવવામાં આવશે. આ પ્રસંગે, બધી શાળાઓમાં સંપૂર્ણ વંદે માતરમ ગીત ગવાશે. વધુમાં, શાળાઓને 'વંદે માતરમ' ના ઈતિહાસ પર આધારિત પ્રદર્શનો યોજવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે જેથી વિદ્યાર્થીઓને આ રાષ્ટ્રગીતની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને મહત્વ વિશે શિક્ષિત કરી શકાય. સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ ઝુંબેશ ૩૧ ઓક્ટોબરથી ૭ નવેમ્બર, ૨૦૨૫ સુધી રાજ્યભરની તમામ શાળાઓમાં ચલાવવામાં આવશે.

# યશ બેંકના સહ-સ્થાપક રાણા કપૂરના એકપક્ષીય નિર્ણયથી અનિલ અંબાણીની કંપનીઓ દ્વારા બેંકને ૨,૭૦૦ કરોડનું નુકસાન

મુંબઈ,તા.૩૦


અનિલ અંબાણીની આગેવાની હેઠળની નાણાકીય કંપનીઓમાં રોકાણ કરવાના યસ બેંકના સહ-સ્થાપક રાણા કપૂરના એકપક્ષીય નિર્ણયથી બેંકને ૨,૭૦૦ કરોડનું નુકસાન થયું. યસ બેંક અને અનિલ અંબાણીની કંપનીઓ વચ્ચેના કથિત છેતરપિંડી વ્યવહારો સંબંધિત કેસમાં સીબીઆઈ ચાર્જશીટમાં આ વાત જણાવવામાં આવી છે. સીબીઆઈએ જણાવ્યું હતું કે અનિલ અંબાણીના પુત્ર અને રિલાયન્સ કેપિટલના તત્કાલીન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનમોલ અંબાણીની ભૂમિકા અંગે



વધુ તપાસ ચાલી રહી છે. આ કેસ યસ બેંકના ચીફ વિજિલન્સ ઓફિસર દ્વારા દાખલ કરાયેલી બે અલગ અલગ ફરિયાદો પર આધારિત છે. ચાર્જશીટ મુજબ, બેંકે ૨૦૧૭ અને ૨૦૧૯ વચ્ચે અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપની નાણાકીય કંપનીઓમાં ૫,૦૧૦ કરોડનું રોકાણ કર્યું હતું, જ્યારે રાણા કપૂર તેના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર હતા. આ રોકાણોમાં રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સમાં ૨,૯૬૫ કરોડ અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડના કોમર્શિયલ પેપર્સમાં ૨,૦૪૫ કરોડનો સમાવેશ થાય છે.

# વધુ વરસાદથી મગફળીની ગુણવત્તા નબળી પડતા સરકાર દ્વારા કરવામાં આવતી ખરીદીમાં મુશ્કેલી : મહુવા યાર્ડના પૂર્વ ચેરમેન

ભાવનગર,તા.૩૦



સૌરાષ્ટ્ર અને ગુજરાત રાજ્યમાં આ વર્ષે ખેતીમાં મગફળીનું મોટાપાયે વાવેતર કરવામાં આવ્યું છે. મગફળીના ટેકાના ભાવની ખરીદી માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે, જેમાં પ્રતિ મણ ૧,૪૫૩ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી બંધ રાખી, ભાવફેરની રકમ ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવે તેવી માંગ મહુવા માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે કૃષિ મંત્રી સમક્ષ રજૂ કરી છે. તેઓ જણાવી રહ્યા છે કે આવું કરવાથી ખેડૂતો અને સરકાર બંનેને ફાયદો થશે. આ ઉપરાંત, ખેડૂતો પાસેથી ૨૦૦ મણ જેટલી મગફળી ટેકાના ભાવે ખરીદવામાં આવે, જેથી કરીને ખેડૂતોને નુકસાન ન થાય અને તેઓને યોગ્ય વળતર મળી રહે, તે માટે આ રજૂઆત કરવામાં આવી છે. મહુવા માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે જણાવ્યું કે, કૃષિ મંત્રીને મેં હમણાં રજૂઆત કરી છે કે વધુ પડતા વરસાદને કારણે મગફળીની ગુણવત્તા ખૂબ નબળી પડી છે. તેથી સરકાર દ્વારા કરવામાં આવતી ખરીદીમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે.

# જૂનાગઢના ધારાસભ્યને જાનથી મારી નાખવાની ધમકી આપી પાંચ લાખની ખંડણી માંગતા ખળભળાટ

જૂનાગઢ, તા.૩૦



જૂનાગઢથી એક ખૂબ જ ચોંકાવનારી ખબર સામે આવી છે. જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયાને અજાણ્યા શખ્સ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી. સાથે જ ધારાસભ્ય પાસે મોટી રકમની ખંડણીની માંગ પણ કરવામાં આવી. ત્યારે આ મામલે ધારાસભ્યે પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી. મળતી માહિતી મુજબ, જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયાને વોટ્સએપમાં એક શખ્સે અપશબ્દો લખીને ધમકીભર્યો મેસેજ મોકલ્યો હતો. મેસેજમાં ધારાસભ્યને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ ઉપરાંત, તે શખ્સે પહેલા ૩૦ લાખ રૂપિયાની ખંડણીની માંગ કરી હતી અને બાદમાં ૫ લાખ રૂપિયાની માંગ કરી હતી. ધારાસભ્ય સંજય કોરડિયાને મોકલાયેલા આ મેસેજમાં શખ્સે અશ્લીલ અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો.

# અમરેલીના વતની અને સુરતના ઉદ્યોગપતિએ ૨૯૦ ખેડૂતોના દેવા ચૂકવ્યા

અમરેલી,તા.૩૦



ગુજરાતમાં એક ભાવનાત્મક ઘટના બની છે. ગામના વતની અને સુરતમાં રહેતા બાબુભાઈ જીરાવાલાએ તેમની માતાની પુણ્યતિથિ પર ૨૯૦ ખેડૂતોના દેવા ચૂકવી દીધા. તેમણે રૂ.૯ મિલિયનનું દાન આપ્યું. તેમના માનવતાવાદી કાર્યથી ગામના તમામ ખેડૂતોમાં આનંદનું વાતાવરણ ઉભું થયું. નોંધનીય છે કે ૧૦૦ વર્ષ પહેલાં જીરા ગામમાં સેવા સહકારી સમિતિની સ્થાપના થઈ હતી. એવું કહેવાય છે કે ૧૯૯૦ના દાયકામાં થયેલા એક કૌભાંડને કારણે ખેડૂતોના નામે ખોટી રીતે લોન નોંધાઈ હતી. ત્યારબાદ ગ્રામજનોએ બેંક સામે વિરોધ કર્યો, અને કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. સુરતના રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિ બાબુભાઈ ચોડવાડિયા ગામના ખેડૂતોની દુર્દશા સમજી ગયા અને તેમની માતાને સાચી શ્રદ્ધાંજલિ આપવાનું નક્કી કર્યું. તેમણે ભાવનગર બેંકના અધિકારીઓનો સંપર્ક કર્યો અને ગામના તમામ ખેડૂતોના બાકી લેણા ચૂકવવાની ઈચ્છા વ્યક્ત કરી. બેંકે તેમની સામાજિક પહેલ સ્વીકારી. બાબુભાઈ જીરાવાલાએ કહ્યું, ×મારા ગામના ૨૯૦ ખેડૂતોના બેંક લોનના કેસ ૧૯૯૫ થી પેન્ડિંગ છે. આ કારણે, બેંક ગામના ખેડૂતોને કોઈ લોન આપતી ન હતી, જેના કારણે મુશ્કેલી ઊભી થઈ રહી હતી. મારી માતાની ઈચ્છા હતી કે હું મારા ઘરેણાં વેચીને ગામ માટે કંઈક સારું કરું. હું મારા ઘરેણાં વેચીને ગામના ખેડૂતોના બેંક લોન ચૂકવવા માંગુ છું. ખેડૂતોને 'નો ડેટ સર્ટિફિકેટ' આપવામાં આવ્યા. તેમણે આગળ સમજાવ્યું, મારા ભાઈ અને હું બેંક અધિકારીઓને મળ્યા અને અમારી ઈચ્છા વ્યક્ત કરી, અને તેમણે સહકાર આપ્યો. ગામના ખેડૂતો પર કુલ ૯૦ લાખ રૂપિયાનું દેવું હતું. અમે તે ચૂકવી દીધું અને બેંકમાંથી તેમના નામે પ્રમાણપત્ર મેળવ્યા અને એક સમારંભમાં બધા ખેડૂતોને તેનું વિતરણ કર્યું.




## અમરેલી સહિત ગુજરાતમાં હજુ ૭ દિવસ સુધી વરસાદની આગાહી

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં ચોમાસાની વિદાય બાદ પણ વરસાદ ખમૈયા લેવાનું નામ જ નથી લેતો. ભારે વરસાદ બાદ પણ ગુજરાતમાં સાત દિવસ વરસાદની હવામાન વિભાગે આગાહી આપી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ગુજરાતમાં પહેલી નવેમ્બર સુધી ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. માછીમારોને આગામી ત્રણ દિવસ દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. આ સાથે ગાજવીજની ચાર દિવસ માટે આગાહી આપી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, વરસાદની તીવ્રતા ફરીથી વધતી દેખાઈ રહી છે. પોરબંદર, જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. અહીં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. શુક્રવારે ૩૧મી તારીખે જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.



सत्यमेव जयते ગુજરાત સરકાર | Ministry of Home Affairs Government of India | STATUE OF UNITY एक भारत, श्रेष्ठ भारत.

राष्ट्रीय एकता दिवस
31 अक्टूबर 2025

**150મી** જન્મ જયંતિ નિમિત્તે
લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શત્ શત્ નમન

# રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૫



## માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલિ તેમજ રાષ્ટ્રજોગ સંબોધન

### વિવિધ કાર્યક્રમો:

- એકતા પરેડ
- બ્રાસ બેન્ડની પ્રસ્તુતિ
- હોર્સ, ડોગ અને કેમલ દળનું નિદર્શન
- મહિલાઓ દ્વારા માર્શલ આર્ટનું નિદર્શન
- સીમા સુરક્ષાદળ દ્વારા ડોગ શો
- ડેર ડેવિલ રાઈડર્સ શો
- સ્કૂલ બેન્ડની પ્રસ્તુતિ
- ભારતીય વાયુ સેના દ્વારા એર શો
- સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પર આધારિત નાટક 'લોહ-પુરુષ' ની પ્રસ્તુતિ
- એકતા પ્રકાશ પર્વનો ઉત્સવ
- ભારત પર્વના અવસર પર 1 થી 15 નવેમ્બર સુધી રાજ્યોની પ્રદર્શની

**" સરદાર પટેલે આપણને 'એક ભારત' આપ્યું,
જેને 'શ્રેષ્ઠ ભારત' બનાવવાની જવાબદારી આપણી છે "
– વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી**

**તારીખ: 31 ઑક્ટોબર 2025 શુક્રવાર | સમય: સવારે 07:00 વાગ્યાથી
સ્થળ: પરેડ ગ્રાઉન્ડ, સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર, ગુજરાત.**

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS



